# કામકાજનો ટૂંકો અહેવાલ

## ચોથી ગુજરાત વિધાનસભા
## ૧લું અધિવેશન

(૨૦મી માર્ચથી ૮મી એપ્રિલ, ૧૯૭૨)

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર
મે, ૧૯૭૨

(કિંમત : રૂા. ૦૦-૭૦ પૈસા)

©

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

# પ્રસ્તાવના

આ પ્રકાશનમાં ચોથી ગુજરાત વિધાનસભાના પહેલા અધિવેશન (૨૦મી માર્ચથી ૮મી એપ્રિલ, ૧૯૭૨)માં થયેલા કામકાજની જુદી જુદી બાબતો અંગે ટૂંકી નોંધ આપેલી છે. શકય હોય ત્યાં આંકડાવાર માહિતી પણ આપી છે.

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર,
તા. ૧૯—૫—૧૯૭૨.

દ્વિજેન દેસાઈ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

# અનુક્રમણિકા


| ક્રમાંક | વિષય | પાના નંબર |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | ચોથી ગુજરાત વિધાનસભાના પહેલા અધિવેશન (૨૦મી માર્ચથી ૮મી એપ્રિલ, ૧૯૭૨)માં થયેલા કામકાજનો ટૂંકો અહેવાલ | ૧ |
| ૨. | પત્રક ક્રમાંક-૧, ગૃહની બેઠકોની તારીખ અને સમય ... | ૯ |
| ૩. | પત્રક ક્રમાંક-૨, સભ્યશ્રીઓએ વ્યક્તિગત રીતે આપેલી હાજરી ... | ૧૦ |
| ૪. | પત્રક ક્રમાંક-૩, સભ્યશ્રીઓની તારીખવાર હાજરી ... | ૧૪ |
| ૫. | પત્રક ક્રમાંક-૪, અધિવેશન દરમ્યાન ગુજરાત વિધાનસભામાં રોજે રોજ થયેલા કામકાજનો સારાંશ. ... ... | ૧૫ |
| ૬. | પત્રક ક્રમાંક-૫, અધ્યક્ષશ્રીએ નીમેલી પ્રમુખોની પેનલ ... | ૩૫ |
| ૭. | પત્રક ક્રમાંક-૬, અતારાંકિત અને ટૂંકી મુદતના પ્રશ્નોનો નિકાલ (આંકડામાં) ... ... ... | ૩૬ |
| ૮. | પત્રક ક્રમાંક-૭, અતારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં) | ૩૮ |
| ૯. | પત્રક ક્રમાંક-૮, સરકારી વિધેયકો. ... ... | ૪૦ |
| ૧૦. | પત્રક ક્રમાંક-૯, સન ૧૯૭૧-૭૨ના વર્ષ માટેની પૂરક માગણીઓ... | ૪૪ |
| ૧૧. | પત્રક ક્રમાંક-૧૦, ધ્યાન દોરતી સૂચનાઓ. ... ... | ૪૬ |
| ૧૨. | પત્રક ક્રમાંક-૧૧, બિન-સરકારી સંકલ્પો ... ... | ૪૭ |
| ૧૩. | પત્રક ક્રમાંક-૧૨, જુદી જુદી સમિતિઓ ઉપર સભ્યોની ચૂંટણી... | ૪૯ |
| ૧૪. | પત્રક ક્રમાંક-૧૩, જુદી જુદી સમિતિઓ ઉપર અધ્યક્ષે નીમેલા સભ્યો. ... ... ... | ૫૧ |
| ૧૫. | પત્રક ક્રમાંક-૧૪, જુદી જુદી સંસ્થાઓ પર સભ્યોની ચૂંટણી ... | ૫૪ |
| ૧૬. | પત્રક ક્રમાંક-૧૫, જુદી જુદી યુનિવર્સિટીઓની સેનેટ પર સભ્યોની ચૂંટણી ... ... ... | ૫૫ |
| ૧૭. | પત્રક ક્રમાંક-૧૬, વિભાજન અને સભાત્યાગ ... | ૫૬ |

## ચોથી ગુજરાત વિધાનસભાના પહેલા અધિવેશનમાં થયેલાં કામકાજનો ટૂંકો અહેવાલ.

### પ્રારંભિક

ચોથી ગુજરાત વિધાનસભાનું પહેલું અધિવેશન સોમવાર, તા. ૨૦મી માર્ચ, ૧૯૭૨ના રોજ શરૂ થયું હતું અને શનિવાર, તા. ૮મી એપ્રિલ, ૧૯૭૨ના રોજ પૂરું થયું હતું. અધિવેશન દરમિયાન વિધાનસભા કુલ ૧૩ દિવસ મળી હતી અને તેમાં કુલ ૧૬ બેઠકો થઇ હતી. અધિવેશન દરમિયાન વિધાનસભાએ કુલ ૪૯ કલાક અને ૪૦ મિનિટ કામ કર્યું હતું. દરરોજની બેઠક કેટલો સમય ચાલી હતી તે માટે જુઓ પત્રક ક્રમાંક-૧.

### હાજરી

અધિવેશન દરમિયાન એક દિવસે વધારેમાં વધારે હાજરી ૧૫૧ હતી અને ઓછામાં ઓછી હાજરી ૧૨૦ હતી. સરેરાશ હાજરી ૧૩૫ હતી. સભ્યશ્રીઓએ વ્યક્તિગત રીતે આપેલી હાજરી પત્રક ક્રમાંક-૨માં તેમજ તેમની તારીખવાર હાજરી પત્રક ક્રમાંક-૩માં દર્શાવેલી છે.

### રોજેરોજના કામકાજનો સારાંશ

વિધાનસભાએ રોજેરોજ કરેલા કામકાજનો સારાંશ પત્રક ક્રમાંક ૪માં આપ્યો છે.

### શપથ અથવા પ્રતિજ્ઞા

કામચલાઉ અધ્યક્ષશ્રી માધવલાલ ભાઇલાલ શાહે તા. ૨૦મી માર્ચ, ૧૯૭૨ના રોજ રાજભવનમાં નામદાર રાજ્યપાલશ્રી સમક્ષ શપથ લીધા હતા અને બાકીના ૧૬૬ સભ્યોએ સત્ર દરમિયાન શપથ લીધા હતા અથવા પ્રતિજ્ઞા કરી હતી.

### અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની ચૂંટણી

#### અધ્યક્ષશ્રીની ચૂંટણી

શ્રી રાઘવજીભાઇ લેઉવા ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ તરીકે તા. ૨૧મી માર્ચ, ૧૯૭૨ના રોજ બિનહરીફ ચૂંટાયા હતા.

#### ઉપાધ્યક્ષની ચૂંટણી

શ્રી રમેશચંદ્ર પરમાર ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ તરીકે તા. ૨૮મી માર્ચ, ૧૯૭૨ના રોજ બિન-હરીફ ચૂંટાયા હતા.

### પ્રમુખોની પેનલ

અધ્યક્ષશ્રીએ અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની ગેરહાજરીમાં કામ કરવા માટે પ્રમુખોની પેનલ ઉપર બે સભ્યોની નિમણૂંક કરી હતી. (જુઓ પત્રક ક્રમાંક-૫)

## રાજ્યપાલશ્રીનું સંબોધન

ભારતના બંધારણની કલમ ૧૭૬(૧) અનુસાર રાજ્યપાલશ્રીએ ગુજરાત વિધાનસભાને તા. ૨૧મી માર્ચ, ૧૯૭૨ના રોજ સાંજે ૩-૦૦ વાગે સંબોધન કર્યું હતું અને તે દિવસે શ્રી માધવસિંહ સોલંકીએ રાજ્યપાલશ્રીના સંબોધન માટે આભાર પ્રસ્તાવ રજૂ કર્યો હતો, જેનું શ્રી પ્રતાપ શાહે સમર્થન કર્યું હતું. આભાર પ્રસ્તાવ ઉપર કુલ ૧૩૯ સુધારાની સૂચનાઓ આવી હતી. જેમાંથી અધ્યક્ષશ્રીએ ૧૧ સુધારા દાખલ કર્યા હતા. સભાગૃહે ચર્ચા બાદ બધા સુધારાનો અસ્વીકાર કર્યો હતો. રાજ્યપાલશ્રીના સંબોધન ઉપર તા. ૪, ૫ અને ૬ એપ્રિલ, ૧૯૭૨ના રોજ ચર્ચા કરવામાં આવી હતી. ચર્ચાને અંતે રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવનો સભાગૃહે સ્વીકાર કર્યો હતો.

## ટૂંકી મુદતના અને અતારાંકિત પ્રશ્નો.

અધિવેશન દરમિયાન ૧૯૮ ટૂંકી મુદતના અને ૫૬ અતારાંકિત પ્રશ્નોની સૂચનાઓ મળી હતી. સૂચનાઓનો નિકાલ કેવી રીતે કરવામાં આવ્યો તે તથા અતારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી પત્રકો ક્રમાંક ૬ અને ૭ માં આપવામાં આવી છે. વિધાનસભા કુલ ૧૩ દિવસ મળી હતી. જેમાંથી કુલ ૮ દિવસ પ્રશ્નોત્તરી રાખવામાં આવી હતી.

## અર્ધા કલાકની ચર્ચા

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૯૨ અન્વયે સભાગૃહમાં પ્રશ્નોના અપાયેલ ઉત્તરમાંથી ઉભી થતી જાહેર અગત્યની બાબત પર અર્ધા કલાકની ચર્ચા ઉપસ્થિત કરવા માટે એક સૂચના મળી હતી, જેની સભાગૃહમાં ચર્ચા કરવામાં આવી હતી.

## સરકારી વિધેયકો

અધિવેશન દરમિયાન કુલ સાત સરકારી વિધેયકોની સૂચના મળી હતી તેમાંથી ૬ વિધેયકો પસાર કરવામાં આવ્યાં હતાં. (જુઓ પત્રક ક્રમાંક ૮)

## નાણાકીય કામકાજ

(૧) **અંદાજપત્રની રજુઆત.**—સન ૧૯૭૨-૭૩ના વર્ષ માટેનું અંદાજપત્ર તા. ૨૨મી માર્ચ, ૧૯૭૨ના રોજ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું.

(૨) **લેખાનુદાન માટેનો પ્રસ્તાવ.**—સન ૧૯૭૨-૭૩ના નાણાકીય વર્ષના અંશતઃ સમયમાં થનારા ખર્ચ સારું રૂા. ૧,૦૨,૧૬,૬૪,૦૦૦ થી વધુ નહીં એવી રકમ રાજ્યપાલશ્રીને અગાઉથી આપવા બાબતનો લેખાનુદાન માટેનો પ્રસ્તાવ નાણા મંત્રીશ્રીએ શુક્રવાર, તા. ૨૪મી માર્ચ, ૧૯૭૨ના રોજ સભાગૃહમાં રજૂ કર્યો હતો અને એ જ દિવસે પ્રસ્તાવ પર ચર્ચા કરવામાં આવી હતી. ચર્ચાને અંતે સભાગૃહે પ્રસ્તાવ પસાર કર્યો હતો. ત્યારબાદ તા. ૩૦મી માર્ચ, ૧૯૭૨ના રોજ ગુજરાત વિનિયોગ (લેખાનુદાન) વિધેયક પસાર કરવામાં આવ્યું હતું.

(૩) ખર્ચનું પૂરક પત્રકઃ—(ક) રજૂઆત.—સન ૧૯૭૧-૭૨ના વર્ષ માટેના કુલ રૂા. ૪૨,૪૪,૪૪,૭૦૫નું ખર્ચનું પૂરક પત્રક તા. ૨૧મી માર્ચ, ૧૯૭૨ના રોજ રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં મતપાત્ર રકમ રૂા. ૨૨,૯૬,૨૮,૩૪૭ અને બિન-મતપાત્ર રકમ રૂા. ૧૯,૪૮,૧૬,૩૫૮ હતી.

(ખ) ચર્ચા અને મતદાન :—પૂરક માગણીઓ પર તા. ૨૮ અને ૨૯મી માર્ચ, ૧૯૭૨ના રોજ ચર્ચા અને મતદાન થયું હતું. પૂરક પત્રકમાં સમાવિષ્ટ કુલ ૬૯ માગણીઓ સભાગૃહની મંજૂરી માટે રજૂ કરવામાં આવી હતી. પરંતુ તેમાંથી ફક્ત ૧૩ માગણીઓ ઉપર જ સભાગૃહમાં ચર્ચા થઇ શકી હતી. રજૂ થયેલી બધી જ પૂરક માગણીઓ સભાગૃહે પસાર કરી હતી. (જુઓ પત્રક ક્રમાંક-૯). ત્યારબાદ તા. ૨૯મી માર્ચ, ૧૯૭૨ના રોજ ગુજરાત પૂરક વિનિયોગ વિધેયક સભાગૃહે પસાર કર્યું હતું.

(ગ) કાપદરખાસ્તો.—પૂરક માગણીઓ પર કુલ ૮૩ કાપદરખાસ્તો આવી હતી. તેમાંથી ૫૦ કાપદરખાસ્તો દાખલ કરવામાં આવી હતી.

(૪) આકસ્મિક ફંડ પેશગીઓ દર્શાવતું પત્રક.—જેના માટે પૂરક માગણીઓ રજૂ કરવામાં આવી ન હોય તેવી તા. ૨૧મી માર્ચ, ૧૯૭૨ સુધી આકસ્મિક ફંડમાંથી મંજૂર કરાયેલી પેશગીઓ દર્શાવતું પત્રક તા. ૨૮મી માર્ચ, ૧૯૭૨ના રોજ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું હતું.

### સભા મોકૂફીના પ્રસ્તાવો (નિયમ ૧૦૮)

સત્ર દરમ્યાન તાકીદની જાહેર અગત્યની બાબત પર ચર્ચા કરવા માટે સભા મોકૂફીના પ્રસ્તાવની ૧ સૂચના આવી હતી, જે નામંજૂર કરવામાં આવી હતી.

### અધિવેશનને છેલ્લે દિવસે થઈ શકે તેવા પ્રસ્તાવો (નિયમ ૧૦૪)

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૪ અન્વયે અધિવેશનને છેલ્લે દિવસે થઇ શકે તેવા પ્રસ્તાવોની કુલ ૧૨ સૂચનાઓ આવી હતી અને તે બધી સૂચનાઓ બેલટમાં લેવામાં આવી હતી. બેલટમાં વિ. સ. સ., શ્રી બટુક વોરાના પાંચ એકર સુધી જમીન ધરાવનારાઓને જમીન મહેસૂલમાંથી મુક્તિ આપવા અંગેના પ્રસ્તાવને અગ્રતા મળી હતી. આ પ્રસ્તાવ પર સભાગૃહે તા. ૮મી એપ્રિલ, ૧૯૭૨ના રોજ ચર્ચા કરી હતી.

### બીજા પ્રસ્તાવો (નિયમ ૧૦૫)

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૫ હેઠળના બીજા પ્રસ્તાવોની કુલ ૬ સૂચનાઓ આવી હતી. જે બધી સૂચનાઓ માનનીય અધ્યક્ષશ્રીએ નામંજૂર કરી હતી.

### જાહેર અગત્યની બાબતો પર મંત્રીશ્રીઓનાં નિવેદનો (નિયમ ૪૪)

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૪૪ અન્વયે મંત્રીશ્રીઓએ સભાગૃહમાં નીચે મુજબ નિવેદનો કર્યાં હતાં.

૧. રૂના વાવેતર અને ભાવ નિયમન બાબતમાં સરકારે લીધેલાં પગલાં બાબત.
રતુભાઈ અદાણી સહકારમંત્રી - ૨૪-૩-૭૨

૨. રાજ્યમાં પ્રવર્તતી વીજળી પુરવઠાની પરિસ્થિતિ બાબત.
ચિમનભાઈ પટેલ ઉદ્યોગમંત્રી ૨૪-૩-૭૨

### વૈધાનિક પ્રસ્તાવ (નિયમ ૧૦૨ )

ભારતના બંધારણની કલમ ૩૬૮ હેઠળ મુખ્ય મંત્રીશ્રી ઘનશ્યામભાઈ ઓઝાએ, સંસદના બંને ગૃહોએ પસાર કર્યા પ્રમાણેના બંધારણ (પચીસમા સુધારા) વિધેયક, ૧૯૭૧ને ગુજરાત વિધાનસભાએ બહાલ રાખવા અંગેના વૈધાનિક પ્રસ્તાવની સૂચના આપી હતી. પ્રસ્તાવ પર તા. ૭મી એપ્રિલ, ૧૯૭૨ના રોજ ચર્ચા થઈ હતી અને ચર્ચાને અંતે પ્રસ્તાવ સ્વીકારવામાં આવ્યો હતો.

### ટૂંક સમયની ચર્ચા (નિયમ ૧૧૨)

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૧૨ હેઠળ તાકીદની જાહેર અગત્યની બાબત પર ટૂંક સમયની ચર્ચા ઉપસ્થિત કરવા માટેની કુલ ૪ સૂચનાઓ આવી હતી, તે બધી સૂચનાઓ નામંજૂર કરવામાં આવી હતી.

### ધ્યાન દોરતી સૂચનાઓ (નિયમ ૧૧૬)

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૧૬ હેઠળ ધ્યાન દોરવા બાબતની કુલ ૬૯ સૂચનાઓ આવી હતી. આવેલી સૂચનાઓમાંથી ૪૭ સૂચનાઓ નામંજૂર થઈ હતી જ્યારે બાકીની ૨૨ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી. દાખલ કરવામાં આવેલી સૂચનાઓ-માંથી સરખા વિષયની સૂચનાઓ એકત્રિત કરતા કુલ ૪ સૂચનાઓ ઉપર નિવેદન કરવાનાં હતાં. લાગતાવળગતા મંત્રીશ્રીઓએ દાખલ થયેલી બધી સૂચનાઓ ઉપર નિવેદનો કર્યાં હતાં. (જુઓ પત્રક ક્રમાંક-૧૦)

### બિન-સરકારી સંકલ્પો (નિયમ ૧૧૭)

બિન-સરકારી સંકલ્પ રજૂ કરવાની ઇચ્છા વ્યકત કરતી કુલ ૨૯ સૂચનાઓ આવી હતી. આવી સૂચનાઓ આપનાર સભ્યશ્રીઓનાં નામોનો બેલટ તા. ૨૮મી માર્ચ, ૧૯૭૨ના રોજ યોજવામાં આવ્યો હતો. બેલટમાં આવેલા ૬ સભ્યશ્રીઓએ એક એક સંકલ્પની સૂચના આપી હતી. જે બધી દાખલ કરવામાં આવી હતી.

બિન-સરકારી સંકલ્પો તા. ૩જી એપ્રિલ, ૧૯૭૨ના દિવસના કામકાજની યાદીમાં બતાવવામાં આવ્યા હતા અને તેમાંથા ૫ સંકલ્પો પર ચર્ચા થઈ હતી. ચર્ચાને અંતે એક સંકલ્પ પસાર કરવામાં આવ્યો હતો. જ્યારે ૧ સંકલ્પનો ચર્ચાને અંતે મત લેવાતાં અસ્વીકાર થયો હતો અને ૩ સંકલ્પો પ્ર[illegible]ારી સભ્યશ્રીઓએ સભાગૃહની પરવાનગીથી પાછા ખેંચી લીધા હતા. (જુઓ પત્રક ક્રમાંક-૧૧).

## વિશેષાધિકાર ભંગના પ્રશ્નો

વિશેષાધિકાર ભંગ અંગે ૧ સૂચના મળી હતી, જે નામંજૂર કરવામા આવી હતી.

## વિધાનસભાની જુદી જુદી સમિતિઓ વગેરે ઉપર સભ્યોની ચૂંટણીઓ/નિમણૂંકો

અધિવેશન દરમિયાન નીચે જણાવેલી સમિતિઓ ઉપર સભ્યોની ચૂંટણી કરવામાં આવી હતી. (જુઓ પત્રક ક્રમાંક-૧૨)

૧. જાહેર હિસાબ સમિતિ

૨. અંદાજ સમિતિ

૩. જાહેર સાહસો માટેની સમિતિ

૪. વિશેષાધિકાર સમિતિ

અધિવેશન દરમિયાન અધ્યક્ષશ્રીએ નીચે જણાવેલી સમિતિઓ ઉપર સભ્યોની નિમણૂક કરી હતી. (જુઓ પત્રક ક્રમાંક--૧૩)

૧. કામકાજ સલાહકાર સમિતિ

૨. બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિ

૩. નિયમો માટેની સમિતિ

૪. સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિ

૫. ગૌણ વિધાન સમિતિ

૬. સદસ્ય નિવાસ વ્યવસ્થા સમિતિ

૭. સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિ

૮. અરજી સમિતિ

૯. ગ્રંથાલય સમિતિ

૧૦. સભ્યોનાં ભથ્થાં બાબતના નિયમો માટેની સમિતિ.

## જુદી જુદી સંસ્થાઓ ઉપર સભ્યોની ચૂંટણી

અધિવેશન દરમિયાન ગુજરાત રાજ્ય પંચાયત પરિષદ પર સભ્યોની ચૂંટણી કરવામાં આવી હતી. (જુઓ પત્રક ક્રમાંક-૧૪)

## જુદી જુદી યુનિવર્સિટીઓની સેનેટ પર સભ્યોની ચૂંટણી

અધિવેશન દરમિયાન નીચે જણાવેલી યુનિવર્સિટીઓની સેનેટ પર સભ્યોની ચૂંટણી કરવામાં આવી હતી. (જુઓ પત્રક ક્રમાંક-૧૫)

૧. ગુજરાત યુનિવર્સિટી

૨. સરદાર પટેલ યુનિવર્સિટી

૩. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી

## સમિતિઓની બેઠકો

સત્ર દરમિયાન નીચે જણાવેલી સમિતિઓની બેઠકો મળી હતી :—

| અનુક્રમાંક<br>૧ | સમિતિનું નામ<br>૨ | બેઠકની તારીખ<br>૩ |
|---|---|---|
| ૧. | કામકાજ સલાહકાર સમિતિ | (૧) ૨૨-૩-૭૨<br>(૨) ૪-૪-૭૨ |
| ૨. | બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ | ૩-૪-૧૯૭૨ |

## વિધાનસભામાં રજૂ થયેલા/ચર્ચાયેલા અહેવાલો વગેરે.

સત્ર દરમિયાન નીચે જણાવેલા અહેવાલો વિધાનસભામાં રજૂ થયા હતા/ચર્ચાયા હતા.

| અનુ.<br>૧ | અહેવાલ<br>૨ | રજૂ થયા તારીખ<br>૩ | ચર્ચાયાની તારીખ<br>૪ |
|---|---|---|---|
| ૧. | કામકાજ સલાહકાર સમિતિનો પહેલો અહેવાલ. | ૨૪-૩-૭૨ | ૨૪-૩-૭૨ |
| ૨. | કામકાજ સલાહકાર સમિતિનો બીજો અહેવાલ. | ૪-૪-૭૨ | ૫-૪-૭૨ |
| ૩. | બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિનો પહેલો અહેવાલ. | ૩-૪-૭૨ | ૩-૪-૭૨ |

## વિધાનસભાના મેજ ઉપર મૂકેલા કાગળો (અધિસૂચનાઓ સિવાય)

અધિવેશન દરમિયાન નીચેનું સાહિત્ય (અધિસૂચનાઓ સિવાય) વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યું હતું.

| અનુ. ક્રમાંક | વિગત | મેજ ઉપર મૂક્યાની તારીખ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | તા. ૮-૧૨-૧૯૭૧ થી તા. ૧૪-૩-૧૯૭૨ સુધીમાં સરકારે આપેલી બાંયધરીની વિગત દર્શાવતું પત્રક. | ૩૦-૩-૭૨ |
| ૨. | ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર કોરપોરેશનનો સન ૧૯૭૦-૭૧નો વાર્ષિક વહીવટી અહેવાલ. | ૩-૪-૭૨ |
| ૩. | ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર કોરપોરેશનનું સન ૧૯૭૦-૭૧નું સુધારેલું અંદાજપત્ર અને સન ૧૯૭૧-૭૨નું મૂળ અંદાજપત્ર. | ૩-૪-૭૨ |
| ૪. | ગુજરાત વિદ્યુત બોર્ડનું સન ૧૯૭૨-૭૩નું વાર્ષિક નાણાકીય વિવરણપત્રક. | ૪-૪-૭૨ |
| ૫. | ગુજરાત રાજય વેરહાઉસીંગ કોરપોરેશનનો સન ૧૯૭૦-૭૧નો વાર્ષિક અહેવાલ અને હિસાબ. | ૫-૪-૭૨ |
| ૬. | ગુજરાત એક્ષપોર્ટ કોરપોરેશન લિમિટેડનો સન ૧૯૭૦-૭૧નો વાર્ષિક અહેવાલ અને હિસાબો તેમજ તે કોરપોરેશનના સન ૧૯૭૦-૭૧ના વર્ષ માટેની કાર્યવાહીનો સરકારે તૈયાર કરેલો અહેવાલ. | ૬-૪-૭૨ |
| ૭. | ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કોરપોરેશન લિમિટેડનો સન ૧૯૭૦-૭૧નો વાર્ષિક અહેવાલ અને હિસાબ તેમજ તે કોરપોરેશનના સન ૧૯૭૦-૭૧ના વર્ષ માટેની કાર્યવાહીનો સરકારે તૈયાર કરેલો અહેવાલ. | ૬-૪-૭૨ |
| ૮. | ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ ઇન્વેસ્ટમેન્ટ કોરપોરેશન લિમિટેડનો જાન્યુઆરી, ૧૯૭૦થી માર્ચ, ૧૯૭૧ સુધીનો અહેવાલ તેમજ તે કોરપોરેશનની તે જ સમય માટેની કાર્યવાહીનો સરકારે તૈયાર કરેલો અહેવાલ. | ૮-૪-૭૨ |

## શોકદર્શક ઉલ્લેખો

ભૂતપૂર્વ મુંબઈ વિધાનસભાના સભ્યશ્રી ભવાનીશંકર બાપુજી મહેતા, ભૂતપૂર્વ સૌરાષ્ટ્ર વિધાનસભાના સભ્યશ્રી પ્રભુદાસ રામજી મહેતા, ગુજરાત વિધાનસભાના માજી સભ્યશ્રી દેવેન્દ્ર મોતીભાઈ દેસાઈ, માજી સભ્યશ્રી ઠાકોરભાઈ દેસાઈ, ભૂતપૂર્વ મુંબઈ વિધાનસભાના સભ્યશ્રી મોહનભાઈ નરસીંગભાઈ વસાવે, સૌરાષ્ટ્ર વિધાનસભાના સભ્યશ્રી કેશવભાઈ અરજણભાઈ પટેલ, ગુજરાત વિધાનસભાના માજી સભ્યશ્રી ગુલાબશંકર અમૃતલાલ ધોળકિયા, ભૂતપૂર્વ મુંબઈ વિધાનસભાના સભ્યશ્રી ચતુરભાઈ મંગળભાઈ અમીન અને ડૉ. વિક્રમ સારાભાઈના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ, બુધવાર, તા. ૨૨મી માર્ચ, ૧૯૭૨ના રોજ સભાગૃહમાં કરવામાં આવ્યો હતો, સદ્‌ગતને અંજલિ આપ્યા બાદ સભાગૃહના સભ્યોએ ઉભા થઈને થોડીવાર મૌન પાળ્યું હતું.

## વિભાજન અને સભાત્યાગ

અધિવેશન દરમિયાન થયેલા વિભાજન અને સભાત્યાગને લગતી માહિતી પત્રક ક્રમાંક-૧૬માં આપી છે.

## વિધાનસભાની કાર્યવાહી જોવા આવેલા પ્રેક્ષકો

| | | |
|---|---|---|
| (૧) | પ્રેક્ષકો માટેની દીર્ઘામાં આવેલા પ્રેક્ષકો ... ... | ૫,૦૦૭ |
| (૨) | ૨૧ શૈક્ષણિક સંસ્થાઓ અને શાળાઓમાંથી વિધાનસભાની કાર્યવાહી જોવા માટે આવેલા પ્રેક્ષકોની સંખ્યા ... ... | ૧,૦૫૦ |
| (૩) | અધ્યક્ષ દીર્ઘામાં આવેલા પ્રેક્ષકોની સંખ્યા ... | ૩૦૫ |
| (૪) | અતિથિવિશેષ દીર્ઘામાં આવેલા પ્રેક્ષકોની સંખ્યા ... | ૫૨૫ |
| (૫) | રાજ્યપાલ દીર્ઘામાં આવેલા પ્રેક્ષકોની સંખ્યા ... | ૬ |
| | કુલ સંખ્યા | ૬,૮૯૩ |

પત્રક ક્રમાંક-૧

ગૃહની બેઠકોની તારીખ અને સમય

| તારીખ | બેઠકોનો સમય | કુલ સમય ક. મી. |
| --- | --- | --- |
| ૧ | ૨ | ૩ |
| સોમવાર, તા. ૨૦---૩-૧૯૭૨ | ૧૨--૦૦ થી ૨--૨૦ | ૨--૨૦ |
| મંગળવાર, તા. ૨૧---૩-૧૯૭૨ (બે બેઠકો) | ૧૨--૩૦ થી ૧--૦૭<br>૨--૦૦ થી ૩--૪૫ | ૧--૦૭ |
| બુધવાર, તા. ૨૨---૩-૧૯૭૨ | ૧૨--૦૦ થી ૧--૨૬ | ૧--૨૬ |
| શુક્રવાર, તા. ૨૪---૩-૧૯૭૨ | ૧૨--૦૦ થી ૪--૫૫ | ૪--૨૫ |
| મંગળવાર, તા. ૨૮---૩-૧૯૭૨ | ૧૨--૦૦ થી ૫--૦૩ | ૪--૩૩ |
| બુધવાર, તા. ૨૯---૩-૧૯૭૨ (બે બેઠકો) | ૮--૩૦ થી ૧૨--૪૦<br>૨--૦૦ થી ૩--૪૩ | ૫--૨૩ |
| ગુરૂવાર, તા. ૩૦---૩-૧૯૭૨ | ૮--૩૦ થી ૧૨--૦૫ | ૩--૦૫ |
| સોમવાર, તા. ૩---૪-૧૯૭૨ | ૧૨--૦૦ થી ૫--૩૦ | ૫--૦૦ |
| મંગળવાર, તા. ૪---૪-૧૯૭૨ | ૧૨--૦૦ થી ૫--૦૫ | ૪--૩૫ |
| બુધવાર, તા. ૫---૪-૧૯૭૨ | ૧૨--૦૦ થી ૫--૩૦ | ૫--૦૦ |
| ગુરૂવાર, તા. ૬---૪-૧૯૭૨ | ૧૨--૦૦ થી ૫--૨૦ | ૪--૫૦ |
| શુક્રવાર, તા. ૭---૪-૧૯૭૨ (બે બેઠકો) | ૮--૩૦થી ૧૨--૩૦<br>૨--૦૦ થી ૬--૧૦ | ૭--૧૦ |
| શનિવાર, તા. ૮---૪-૧૯૭૨ | ૧૧--૦૦ થી ૧--૦૬ | ૨--૦૬ |
| | | ૪૯--૪૦ |

## પત્રક ક્રમાંક-૨

### સભ્યશ્રીઓએ વ્યકિતગત રીતે આપેલી હાજરી

| ક્રમાંક | સભ્યનું નામ | કુલ હાજરી |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | શ્રી ખીમજી નાગજી પટેલ | ૧૨ |
| ૨ | શ્રી રામજી રાઘવજી ઠક્કર | નાયબ મંત્રીશ્રી |
| ૩ | શ્રી નૌશીર દોરાબજી દસ્તુર | ૧૩ |
| ૪ | શ્રી મેઘજી સુમાર મોથારીઆ | ૧૩ |
| ૫ | શ્રી ખીમજી જેસંગ આયર | ૧૩ |
| ૬ | શ્રી પ્રેમચંદ ઓતમચંદ મોરબિયા | ૧૦ |
| ૭ | શ્રી બલભદ્રસિંહજી ઈન્દ્રસિંહજી ઝાલા | ૧૩ |
| ૮ | શ્રી હસમુખલાલ મણીલાલ વોરા | ૧૧ |
| ૯ | શ્રી હરીભાઈ રત્નાભાઈ ડોરીયા | ૧૩ |
| ૧૦ | શ્રી કરમશીભાઇ કાનજીભાઈ મકવાણા | ૧૨ |
| ૧૧ | શ્રી નગીનદાસ માણેકચંદ શાહ | ૧૩ |
| ૧૨ | શ્રી મગનલાલ ત્રિભોવન સોમૈયા | ૯ |
| ૧૩ | શ્રી ગોવિંદ જેઠા બોડા | ૭ |
| ૧૪ | ડૅા. અબ્દુલ મુતલીબ કે. પીરજાદા | ૮ |
| ૧૫ | શ્રી પ્રભાતગીરી ગુલાબગીરી ગોંસાઈ | ૧૧ |
| ૧૬ | શ્રી મનસુખભાઈ જોશી | ૧૨ |
| ૧૭ | શ્રી મનોહરસિંહજી પ્રદ્યુમનસિંહજી જાડેજા | ૧૨ |
| ૧૮ | શ્રી પોપટલાલ લાખાભાઇ સોરઠીયા | ૯ |
| ૧૯ | શ્રી જમનાદાસ સામજી વેકરીયા | નાયબ મંત્રીશ્રી |
| ૨૦ | શ્રી નાથાલાલ ગોકળદાસ પટેલ | ૧૧ |
| ૨૧ | શ્રી ગોવિંદલાલ કેશવજી પટેલ | ૧૧ |
| ૨૨ | શ્રી ભાણજી ભીમજી પટેલ | ૮ |
| ૨૩ | શ્રી લીલાધર પ્રાણજીવન પટેલ | ૮ |
| ૨૪ | શ્રી કે. પી. શાહ | ૬ |
| ૨૫ | શ્રી ભીમજીભાઈ વસરામ પટેલ | ૮ |
| ૨૬ | શ્રી ગોરધન રવજી ફલદુ | ૧૦ |
| ૨૭ | શ્રી હેમતભાઇ રામભાઇ માડમ | ૧૨ |
| ૨૮ | શ્રી મારખી જેઠા ગોરીયા | ૭ |
| ૨૯ | શ્રી માલદેવજી માંડલિકજી ઓડેદરા | ૧૦ |
| ૩૦ | શ્રી અરજન વેજા નંદાણીયા | ૮ |
| ૩૧ | શ્રીમતી આયશા મહમદઅલી શેખ | નાયબ મંત્રીશ્રી |
| ૩૨ | શ્રી કેસર ભગવાન ડોડિયા | ૭ |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૩૩ | શ્રી મસરી ખીમા સેવરા | ૬ |
| ૩૪ | શ્રી ઠાકરશી ધનજી લાડાણી | ૧૩ |
| ૩૫ | શ્રી દેવજી ભીખા વાણવી | ૧૧ |
| ૩૬ | શ્રી દિવ્યકાંત કુંદનલાલ નાણાવટી | ૧૧ |
| ૩૭ | શ્રી રામજીભાઇ દેવજીભાઇ કરકર | ૧૩ |
| ૩૮ | શ્રી રતુભાઈ મૂળશંકર અદાણી | મંત્રીશ્રી |
| ૩૯ | શ્રી જીવરાજભાઈ મોહનભાઈ વાગડીયા | ૧૨ |
| ૪૦ | શ્રી ગોકળદાસ મોહનલાલ પટેલ | ૧૧ |
| ૪૧ | શ્રી નરસિંહદાસ ગોરધનદાસ ગોંધીઆ | ૧૩ |
| ૪૨ | શ્રી રાઘવજી થોભણભાઈ લેઉવા | અધ્યક્ષશ્રી |
| ૪૩ | શ્રી જશવંતરાય નાનુભાઈ મહેતા | મંત્રીશ્રી |
| ૪૪ | શ્રી નવીનચંદ્ર પરમાણંદદાસ રવાણી | ૧૦ |
| ૪૫ | શ્રી છબીલદાસ પ્રાગજીભાઈ મહેતા | ૧૦ |
| ૪૬ | શ્રી બટુકરાય હરગોવિંદદાસ વોરા | ૧૧ |
| ૪૭ | શ્રી હરીસિંહજી અખુભા ગોહીલ | ૧૨ |
| ૪૮ | શ્રી લખમણભાઈ ડાહ્યાભાઈ ગોટી | ૧૧ |
| ૪૯ | શ્રી પ્રવિણચંદ્રસિંહજી ગંભીરસિંહજી ગોહિલ | ૧૩ |
| ૫૦ | શ્રી મનુભાઈ ગંગારામ વ્યાસ | ૧૨ |
| ૫૧ | શ્રી પ્રતાપરાય તારાચંદ શાહ | ૧૨ |
| ૫૨ | શ્રી મહાસુખરાય કુબેરભાઇ ભટ્ટ | ૯ |
| ૫૩ | શ્રી બાબુભાઈ ઉજમશીભાઈ મોદી | ૧૧ |
| ૫૪ | શ્રી પરસોત્તમભાઈ રવજીભાઈ મકવાણા | ૧૩ |
| ૫૫ | શ્રી ભાનુપ્રસાદ વાલજીભાઇ પંડયા | નાયબ મંત્રીશ્રી |
| ૫૬ | શ્રી રૂદ્રદત્તસિંહજી વાઘેલા | ૧૧ |
| ૫૭ | શ્રી કાન્તીભાઈ ઇશ્વરલાલ પટેલ | ૧૧ |
| ૫૮ | શ્રીમતી કોકિલા હરિપ્રસાદ વ્યાસ | ૧૩ |
| ૫૯ | શ્રી મનુભાઈ હરિલાલ પાલખીવાળા | ૧૩ |
| ૬૦ | શ્રી મગનભાઇ આર. બારોટ | ૮ |
| ૬૧ | ડૉ. અજીત પટેલ | ૧૩ |
| ૬૨ | શ્રી પ્રબોધ રાવલ | નાયબ મંત્રીશ્રી |
| ૬૩ | ડૉ. વાસુદેવ નટવરલાલ ત્રિપાઠી | મંત્રીશ્રી |
| ૬૪ | શ્રી અબ્દુલરહીમ તાજુજી કુંદીવાલા | ૧૨ |
| ૬૫ | શ્રી નરસિંહભાઇ કે. મકવાણા | ૧૨ |
| ૬૬ | શ્રી કાંતિલાલ ફુલચંદ ઘીયા | મંત્રીશ્રી |
| ૬૭ | શ્રી વિશનદાસ મંગલમલ મોતીઆણી | ૧૩ |
| ૬૮ | શ્રી રમણલાલ મથુરભાઈ પટેલ | ૧૨ |
| ૬૯ | —ખાલી— | — |
| ૭૦ | શ્રી નરેન્દ્રસિંહ અગરસિંહજી ઝાલા | ૧૨ |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૭૧ | શ્રી અર્જુનસિહ ભારતસિહ રાઠોડ | ૧૩ |
| ૭૨ | શ્રી ગોવિંદભાઈ શામજીભાઇ પરમાર | ૧૩ |
| ૭૩ | શ્રી ભાવસિહજી દાનસિહજી ઝાલા | ૧૧ |
| ૭૪ | શ્રી દયાશંકર વિશ્વનાથ ત્રિવેદી | ૧૩ |
| ૭૫ | શ્રી મોતીભાઇ રણછોડભાઇ ચૌધરી | ૧૩ |
| ૭૬ | શ્રી ગંગારામ ચુનીલાલ રાવળ | ૭ |
| ૭૭ | શ્રી જગન્નાથ મૂળશંકર વ્યાસ | ૧૩ |
| ૭૮ | શ્રી શંકરજી ઓખાજી ઠાકોર | ૧૩ |
| ૭૯ | શ્રી શંકરલાલ મોહનલાલ ગુરૂ | ૧૨ |
| ૮૦ | શ્રી વિઠ્ઠલભાઈ ડોસાભાઈ પટેલ | ૧૨ |
| ૮૧ | શ્રી નાથાભાઈ રત્નાભાઈ દેસાઈ | ૧૩ |
| ૮૨ | શ્રી ભગવાનદાસ નારણદાસ અમીન | ૧૨ |
| ૮૩ | શ્રી કરસનભાઇ હરીભાઇ ચૌધરી | ૧૩ |
| ૮૪ | શ્રીમતી નિર્મલા લાલભાઇ ઝવેરી | ૮ |
| ૮૫ | શ્રી દોલતભાઈ ચેલારામ પરમાર | ૧૨ |
| ૮૬ | શ્રી ગુલાબસિહજી વીરમસિહજી વાઘેલા | ૧૦ |
| ૮૭ | શ્રી શાન્તીલાલ છોટાલાલ ધાણધારા | ૧૨ |
| ૮૮ | શ્રી ભીખાજી પુંજાજી પરમાર | ૧૦ |
| ૮૯ | શ્રી દલુભાઈ સવજીભાઇ દેસાઈ | ૧૨ |
| ૯૦ | શ્રી લેખરાજ હેમરાજભાઈ બચાણી | ૧૧ |
| ૯૧ | શ્રી લાલજીભાઇ રામજીભાઇ કરેણ | ૧૨ |
| ૯૨ | શ્રી માલજીભાઈ સગરામભાઈ ડાભી | ૧૧ |
| ૯૩ | શ્રી માંનાભાઈ રેવાભાઈ ભાંભી | ૧૩ |
| ૯૪ | શ્રી મૂળશંકર રણછોડદાસ સુથાર | ૧૩ |
| ૯૫ | શ્રી શંકરભાઈ દેવજીભાઇ પટેલ | ૧૨ |
| ૯૬ | શ્રી ગોપાલદાસ વેણીદાસ પટેલ | ૧૩ |
| ૯૭ | શ્રી અંબાલાલ જયશંકર ઉપાધ્યાય | ૧૦ |
| ૯૮ | શ્રી લાલસિહજી કિશોરસિહજી રહેવર | ૧૩ |
| ૯૯ | શ્રી જેઠાલાલ ચંદુલાલ ગાંધી | ૧૩ |
| ૧૦૦ | શ્રી જીવાભાઈ મોતીભાઇ ડામોર | ૧૩ |
| ૧૦૧ | શ્રી વીરજીભાઈ લીંબાભાઇ મુનિયા | ૧૩ |
| ૧૦૨ | શ્રી સોમજીભાઈ પુંજાભાઈ ડામોર | નાયબ મંત્રીશ્રી |
| ૧૦૩ | શ્રીમતી હસુમતિ ભવાનસિહ ગુડિયાર | ૧૨ |
| ૧૦૪ | શ્રી વીરસિંગ ગંગજી મોહનીયા | ૧૧ |
| ૧૦૫ | શ્રી જયદીપસિહજી સુભકસિહજી | ૧૨ |
| ૧૦૬ | શ્રીમતી ભદ્રાબેન શીરીષકુમાર પંડયા | ૧૨ |
| ૧૦૭ | શ્રી માણેકલાલ મગનલાલ ગાંધી | ૧૩ |
| ૧૦૮ | શ્રી સોમાલાલ નાથજીભાઈ શીરોઇયા | ૧૩ |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૧૦૯ | શ્રી રમેશચંદ્ર યુકલ પરમાર | ૧૧ |
| ૧૧૦ | શ્રી પરતાપસિંહ હીરાભાઈ પટેલ | ૧૩ |
| ૧૧૧ | શ્રી ડાહ્યાભાઈ કાળીદાસ ભટ્ટ | ૧૨ |
| ૧૧૨ | શ્રી છત્રસિંહ અમરસિંહજી સોલંકી | ૧૨ |
| ૧૧૩ | શ્રી ઘનશ્યામભાઈ અંબાલાલ પંડીત | ૧૧ |
| ૧૧૪ | શ્રી બુધાજી જીતાજી ચૌહાણ | ૧૨ |
| ૧૧૫ | શ્રી અજીતસિંહ ફુલસિંહજી ડાભી | ૧૧ |
| ૧૧૬ | શ્રી ફુલસિંહજી મોતીસિંહજી સોલંકી | ૧૧ |
| ૧૧૭ | શ્રી હરમાનભાઈ નરસિંહભાઈ પટેલ | ૧૩ |
| ૧૧૮ | શ્રી બાબુભાઈ ભીખાભાઈ દેસાઈ | ૧૦ |
| ૧૧૯ | શ્રી અમરસિંહજી ભુપતસિંહજી વાઘેલા | ૧૩ |
| ૧૨૦ | શ્રી ઉદેસિંહ વીરસિંહ વડોદિયા | ૧૩ |
| ૧૨૧ | શ્રી ગોવિંદભાઈ જેસંગભાઈ પટેલ | ૧૩ |
| ૧૨૨ | શ્રી ઉમેદભાઈ ફતેસિંહ ગોહેલ | ૧૩ |
| ૧૨૩ | શ્રી માધવસિંહ ફુલસિંહ સોલંકી | ૧૩ |
| ૧૨૪ | શ્રી દાદુભાઈ છગનભાઈ વાઘેલા | ૧૩ |
| ૧૨૫ | શ્રી પ્રભુદાસ શંકરલાલ પટેલ | ૧૩ |
| ૧૨૬ | શ્રીમતી ગંગાબહેન અમૃતલાલ વાઘેલા | ૧૩ |
| ૧૨૭ | શ્રી માધવલાલ ભાઈલાલ શાહ | ૧૩ |
| ૧૨૮ | શ્રી મોહનસિંહ છોટુભાઈ રાઠવાકોળી | ૧૩ |
| ૧૨૯ | શ્રી કરશનભાઈ બોડાભાઈ રાઠવાકોળી | ૧૧ |
| ૧૩૦ | શ્રી મેઘાભાઈ જગાભાઈ ભીલ | ૧૨ |
| ૧૩૧ | શ્રી ચીમનભાઈ જીવાભાઈ પટેલ | મંત્રીશ્રી |
| ૧૩૨ | શ્રી કાળીદાસ જેઠાભાઈ ચૌહાણ | ૧૩ |
| ૧૩૩ | શ્રી ધીરજલાલ ધનીલાલ જયસ્વાલ | ૯ |
| ૧૩૪ | શ્રી મણીભાઈ આશારામ શાહ | ૧૩ |
| ૧૩૫ | શ્રી ચંદ્રકાંત મૂળજીભાઈ પરીખ | ૧૩ |
| ૧૩૬ | ડૉ. ઠાકોરભાઈ વિઠ્ઠલભાઈ પટેલ | ૧૩ |
| ૧૩૭ | શ્રી સનતકુમાર મગનલાલ મહેતા | મંત્રીશ્રી |
| ૧૩૮ | શ્રી ગોવિંદભાઈ બાબુભાઈ પટેલ | ૧૩ |
| ૧૩૯ | શ્રી મનુભાઈ છોટાભાઈ પટેલ | ૧૩ |
| ૧૪૦ | શ્રીમતી પાર્વતીબહેન લલીતચંદ્ર રાણા | ૧૩ |
| ૧૪૧ | શ્રી મગનભાઈ ભુખણભાઈ | ૮ |
| ૧૪૨ | શ્રી ફતેસિંહજી પ્રતાપસિંહજી | ૧૨ |
| ૧૪૩ | શ્રી પિયુષભાઈ ધનવંતરાય ઠાકોર | ૧૨ |
| ૧૪૪ | શ્રી હરીસિંહ ભગુબાવા મહિડા | ૧૨ |
| ૧૪૫ | શ્રી ચીમનલાલ કરસનદાસ વસાવા | ૧૨ |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૧૪૬ | શ્રી હિંમતભાઈ મથુરભાઈ રજવાડી | ૧૨ |
| ૧૪૭ | શ્રી રામજીભાઈ હીરાભાઈ | ૧૨ |
| ૧૪૮ | શ્રી ભીમસિંગભાઈ ફોજ્સીંગભાઈ વસાવે | ૧૦ |
| ૧૪૯ | શ્રી વિનોદભાઈ માકાભાઈ ચૌધરી | ૧૨ |
| ૧૫૦ | શ્રીમતી ડાહીબેન રામાભાઈ રાઠોડ | ૧૨ |
| ૧૫૧ | શ્રી ગોરધનદાસ રણછોડદાસ ચોખાવાલા | મંત્રીશ્રી |
| ૧૫૨ | શ્રી કૃષ્ણવદન ધનસુખલાલ પચ્ચીગર | ૧૨ |
| ૧૫૩ | શ્રી જશવંતસિંહ દાનસિંહ ચૌહાણ | ૧૨ |
| ૧૫૪ | શ્રી છોટુભાઈ નરસિંહભાઈ કોન્ટ્રાકટર | ૧૨ |
| ૧૫૫ | શ્રી બાલુભાઈ દેવાભાઈ પટેલ | ૧૨ |
| ૧૫૬ | શ્રી ભુલાભાઈ વિઠ્ઠલભાઈ પટેલ | ૧૨ |
| ૧૫૭ | શ્રી મંછારામ નારણદાસ પટેલ | ૧૨ |
| ૧૫૮ | શ્રી અમરસિંહ ભિલાભાઈ ચૌધરી | નાયબ મંત્રીશ્રી |
| ૧૫૯ | શ્રી છગનભાઈ દેવાભાઈ પટેલ | ૧૧ |
| ૧૬૦ | શ્રી દિનકરભાઈ ભીખુભાઈ દેસાઈ | ૧૨ |
| ૧૬૧ | શ્રી અમુલ મગનલાલ દેસાઈ | ૧૩ |
| ૧૬૨ | શ્રી રતનજી કાથુડભાઈ પટેલ | ૧૨ |
| ૧૬૩ | શ્રી રતનભાઈ ગોવિંદભાઈ ગાવિત | ૧૩ |
| ૧૬૪ | શ્રી રામુભાઈ બાલુભાઈ જાદવ | ૬ |
| ૧૬૫ | શ્રી ભગવાનભાઈ સોમાભાઈ ધનપાતળીયા | ૧૦ |
| ૧૬૬ | શ્રી કેશવભાઈ રતનજી પટેલ | ૧૩ |
| ૧૬૭ | શ્રી ઉત્તમભાઈ હરજીભાઈ પટેલ | ૧૩ |
| ૧૬૮ | શ્રી કીકલાભાઈ જેઠીયાભાઈ વારલી | ૧૧ |

પત્રક ક્રમાંક—૩

સભ્યશ્રીઓની તારીખવાર હાજરી

(અધ્યક્ષ, મંત્રી અને નાયબ મંત્રી સિવાય)

| તારીખ | હાજરી | ગેરહાજરી | કુલ સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૨૦-૩-૭૨ | ૧૪૭ | ૫ | ૧૫૨ |
| ૨૧-૩-૭૨ | ૧૪૫ | ૭ | ૧૫૨ |
| ૨૨-૩-૭૨ | ૧૪૫ | ૭ | ૧૫૨ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૨૪-૩-૭૨ | ૧૩૮ | ૧૪ | ૧૫૨ |
| ૨૮-૩-૭૨ | ૧૨૫ | ૨૭ | ૧૫૨ |
| ૨૯-૩-૭૨ | ૧૨૦ | ૩૨ | ૧૫૨ |
| ૩૦-૩-૭૨ | ૧૨૦ | ૩૨ | ૧૫૨ |
| ૩-૪-૭૨ | ૧૩૩ | ૧૯ | ૧૫૨ |
| ૪-૪-૭૨ | ૧૩૩ | ૧૯ | ૧૫૨ |
| ૫-૪-૭૨ | ૧૨૭ | ૨૫ | ૧૫૨ |
| ૬-૪-૭૨ | ૧૨૧ | ૩૧ | ૧૫૨ |
| ૭-૪-૭૨ | ૧૪૪ | ૮ | ૧૫૨ |
| ૮-૪-૭૨ | ૧૫૧ | ૧ | ૧૫૨ |

પત્રક ક્રમાંક-૪

**અધિવેશન દરમ્યાન ગુજરાત વિધાનસભામાં રોજેરોજ થયેલા કામકાજનો સારાંશ**

**સોમવાર, તા. ૨૦મી, માર્ચ ૧૯૭૨.**

કાર્યકારી અધ્યક્ષશ્રીએ શપથ અથવા પ્રતિજ્ઞા લેવાની વિધિ સમજાવી, ત્યારબાદ ૪૫ સભ્યોએ ગુજરાતીમાં તેમજ ૩ સભ્યોએ હિંદીમાં પ્રતિજ્ઞા લીધી અને ૧૧૦ સભ્યોએ ગુજરાતીમાં, ૧ સભ્યે હિંદીમાં અને ૧ સભ્યે અંગ્રેજીમાં શપથ લીધા.

ત્યારપછી અધ્યક્ષશ્રીના ખંડમાં સભ્ય શ્રી ઉત્તમભાઈ પટેલે શપથ લીધા અને સભ્ય ડૉ. અમૂલ દેસાઈએ પ્રતિજ્ઞા કરતાં કુલ ૧૬૨ સભ્યોએ શપથ અને પ્રતિજ્ઞા લીધાં.

**મંગળવાર, તા. ૨૧મી માર્ચ ૧૯૭૨**

**પહેલી બેઠક**

૧. અધ્યક્ષશ્રીની ચૂંટણી માટે ફક્ત એક જ સભ્ય, શ્રી રાઘવજી થોભણભાઈ લેઉવાનું નામનિર્દેશન કરતાં ૪ નામ નિર્દેશન પત્રો મળ્યાં હોવાથી કાર્યકારી અધ્યક્ષશ્રીએ તેમને ચૂંટાયેલા જાહેર કર્યા.

ત્યારબાદ સભાગૃહના નેતા, શ્રી ઘનશ્યામભાઈ ઓઝા અને વિ.સ.સ., શ્રી માણેકલાલ ગાંધી, શ્રી રાઘવજી થોભણભાઈ લેઉવાને અધ્યક્ષસ્થાને દોરી ગયા અને શ્રી રાઘવજી થોભણભાઈ લેઉવાએ અધ્યક્ષસ્થાન લીધું.

ત્યારબાદ ગૃહના નેતા, શ્રી ઘનશ્યામભાઈ ઓઝા., વિ. સ. સ., શ્રી માણેકલાલ ગાંધી, વિ.સ.સ. શ્રી હરિસિંહજી ગોહિલ, વિ.સ.સ., શ્રી મનોહરસિંહજી જાડેજા, વિ. સ. સ., શ્રી બટુક-રાય વોરા, વિ.સ.સ., શ્રી ભાણજીભાઈ પટેલ, વિ. સ. સ., શ્રી દિવ્યકાંત નાણાવટી અને વિ.સ.સ., ડૉ. અમૂલ દેસાઈએ અધ્યક્ષશ્રીને તેમની ચૂંટણી બદલ અભિનંદન આપ્યાં અને ટૂંકા પ્રવચનો કર્યાં. અધ્યક્ષશ્રીએ બધાનો આભાર માન્યો અને ટૂંકું પ્રવચન કર્યું.

૨. ત્યારપછી અધ્યક્ષશ્રીના ખંડમાં સભ્ય, શ્રી કે. પી. શાહે પ્રતિજ્ઞા લીધી.

બીજી બેઠક

૧. રાજ્યપાલ, શ્રી શ્રીમન્નારાયણે સભાગૃહને સંબોધન કરવા માનનીય અધ્યક્ષશ્રીની સાથે બપોરના ૩--૦૦ વાગ્યે વિધિસર પ્રવેશ કર્યો અને મંચ પર બેઠક લીધી.

૨. રાજ્યપાલશ્રીએ સભાગૃહને હિંદીમાં સંબોધન કર્યું.

૩. સચિવશ્રીએ રાજ્યપાલશ્રીના સંબોધનની નકલ સભાગૃહના મેજ ઉપર મૂકી.

૪. વિ. સ. સ., શ્રી માધવસિંહ સોલંકીએ રાજ્યપાલશ્રીના સંબોધન માટે આભાર પ્રસ્તાવ રજૂ કર્યો. જેનું વિ. સ. સ., શ્રી પ્રતાપરાય શાહે સમર્થન કર્યું.

૫. સચિવશ્રીએ ત્રીજી ગુજરાત વિધાનસભાના દશમા સત્રમાં પસાર થયેલાં અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી હતી તેવાં ૩ વિધેયકો સભાગૃહના મેજ ઉપર મૂક્યાં.

૬. નાણા મંત્રી, શ્રી કાન્તિલાલ ઘીયાએ સન ૧૯૭૧--૭૨ના વર્ષ માટેના ખર્ચનું પૂરક પત્રક રજૂ કર્યું.

૭. (અ) અધ્યક્ષશ્રીએ જાહેર હિસાબ સમિતિ, જાહેર સાહસો માટેની સમિતિ અને અંદાજ સમિતિ ઉપર સભ્યોની ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરી .

(બ) અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિની નિમણુક કરી.

(ક) ટૂંકી મુદતના પ્રશ્નો પૂછવા અંગે અધ્યક્ષશ્રીએ નીચે મુજબની જાહેરાત કરી.

સભાગૃહનું આ સત્ર ઘણું ટૂંકું અને ખૂબ જ વહેલું બોલાવ્યું હોવાને કારણે પ્રશ્નોત્ત-રીનો સમય ફાળવી શકાયો નથી. આમ છતાં ઘણા અગત્યના પ્રશ્નો કોઈ કોઈ માનનીય

સભ્યોને પૂછવાની ઈચ્છા હોય તો સામાન્ય રીતે ટૂંકી મુદતના પ્રશ્નો માટે જે ચકાસણી કરીને કડકાઈ રાખવામાં આવે છે એ કડકાઈ થોડીક ઢીલી કરીને જે માનનીય મંત્રીશ્રીઓ જવાબ આપી શકે એવી પરિસ્થિતિમાં હશે ત્યાં તેવા પ્રશ્નોને ટૂંકી મુદતના પ્રશ્નો તરીકે સ્વીકારવાનો મેં નિર્ણય કર્યો છે, અને તે પરિસ્થિતિમાં જ્યાં સુધી શક્ય હશે ત્યાં સુધી માનનીય મંત્રીશ્રીઓ આવા પ્રશ્નોના જવાબ ન આપવાનો પોતાનો અધિકાર ભોગવશે નહિ અને પ્રશ્નોના જવાબ આપવાને માટે તત્પર રહેશે એવી એમની પાસે, આ ગૃહ વતી, હું અપેક્ષા રાખું તો મને લાગે છે કે એ વધારે પડતી અપેક્ષા નથી."

**બુધવાર, તા. ૨૨મી માર્ચ, ૧૯૭૨.**

૧ (૧) મુખ્ય મંત્રી, શ્રી ઘનશ્યામભાઈ ઓઝાએ ડૉ વિક્રમ સારાભાઈના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કર્યો.

ત્યારપછી વિ. સ. સ. શ્રી માણેકલાલ ગાંધી, વિ.સ.સ શ્રી ચન્દ્રકાંત પરીખ અને વિ.સ.સ. શ્રી હરિસિંહજી ગોહિલે, સદગતને અંજલી આપી. ત્યારપછી અધ્યક્ષશ્રીએ પણ સદગતને અંજલી આપી. ત્યારપછી સભ્યોએ ઊભા થઈ થોડીવાર મૌન પાળ્યું.

અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે સદગતનાં કુટુંબીજનોને ગૃહની દિલસોજીનો સંદેશો મોકલવામાં આવશે.

(૨) મુખ્ય મંત્રી, શ્રી ઘનશ્યામભાઈ ઓઝાએ શ્રી ઠાકોરભાઈ દેસાઇના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કર્યો.

ત્યારપછી વિ.સ.સ. શ્રી માણેકલાલ ગાંધી, વિ.સ.સ., શ્રી કેશવભાઈ પટેલ, વિ.સ.સ. શ્રી લેખરાજ બચાણી, અને વિ.સ.સ. શ્રી દિનકર દેસાઇએ સદ્દગતને અંજલિ આપી.

ત્યારપછી અધ્યક્ષશ્રીએ પણ સદ્દગતને અંજલિ આપી. સભ્યોએ થોડીવાર ઊભા થઈ મૌન પાળ્યું.

અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે સદ્દગતનાં કુટુંબીજનોને ગૃહની દિલસોજીનો સંદેશો મોકલવામાં આવશે.

(૩) મુખ્ય મંત્રી, શ્રી ઘનશ્યામભાઈ ઓઝાએ ભૂતપૂર્વ મુંબઇ વિધાનસભાના સભ્ય, શ્રી ભવાનીશંકર બાપુજી મહેતા, ભૂતપૂર્વ સૌરાષ્ટ્ર વિધાનસભાના સભ્ય, શ્રી પ્રભુદાસ રામજી મહેતા, ગુજરાત વિધાનસભાના માજી સભ્ય, શ્રી દેવેન્દ્ર મોતીભાઈ દેસાઈ, ભૂતપૂર્વ મુંબઈ વિધાનસભાના સભ્ય, શ્રી મોહનભાઈ નરસીંગભાઈ વસાવે, ભુતપુર્વ સૌરાષ્ટ્ર વિધાનસભાના સભ્ય, શ્રી કેશવભાઈ અરજણભાઈ પટેલ, ગુજરાત વિધાનસભાના માજી સભ્ય, શ્રી ગુલાબશંકર અમૃતલાલ ધોળકિયા અને ભૂતપૂર્વ મુંબઈ વિધાનસભાના સભ્ય, શ્રી ચતુરભાઈ મંગળભાઈ અમીનના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખો કર્યા.

ત્યારપછી વિ.સ.સ., શ્રી નરસિંહદાસ ગોંધિયા, વિ.સ.સ., શ્રી ભાણજીભાઈ પટેલ, વિ.સ.સ., શ્રી હરિસિંહજી ગોહિલે સદ્દગતોને અંજલિ આપી. ત્યારપછી અધ્યક્ષશ્રીએ પણ સદ્દગતોને અંજલિ

આપી. સભ્યોએ ઊભા થઈ થોડીવાર મૌન પાળ્યું. અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે ગૃહની દિલસોજીનો સંદેશો સદ્‌ગતોનાં કુટુંબીજનોને મોકલી આપવામાં આવશે.

૨. નાણા મંત્રી, શ્રી કાંતિલાલ ઘીયાએ સન ૧૯૭૨-૭૩ના વર્ષ માટેના અંદાજપત્રની રજૂઆત કરતાં તેમનું છાપેલું પ્રવચન વાંચ્યું.

અધ્યક્ષશ્રીએ વોટ ઓન એકાઉન્ટ બાબતમાં નીચે મુજબની સમજૂતિ ગૃહને આપી.

"માનનીય મંત્રીશ્રીએ અંદાજપત્ર રજૂ કર્યું છે એના ઉપર માત્ર વોટ ઓન એકાઉન્ટ માગવાનો છે. આપણા નિયમમાં જોગવાઈ છે કે વોટ ઓન એકાઉન્ટમાગે ત્યારે કાપદરખાસ્ત રજૂ કરી શકાય છે. નિયમમાં જોગવાઈ છે કે કાપ દરખાસ્ત રજૂ કરો કે ન કરો પણ ચર્ચા સામાન્ય સ્વરૂપમાં કરી શકાય છે. વિગતમાં ઊતરી શકાતું નથી. વિગતમાં ઊતરી ન શકાય તો કાપદરખાસ્ત રજૂ કરવી ઉપયોગી થઈ પડે નહીં. સભ્યોને સૂચન છે કે કાપદરખાસ્ત રજૂ કરવામાં આવે નહીં તો એક દિવસની ચર્ચા રાખી છે, જો કે સામાન્ય રીતે આના પર ચર્ચા જરૂરી ન હોય કારણ કે નવી સેવા અને બીજી બાબતો અંગે તો ફરીવાર આવવાનું છે. અગાઉ મંજૂર કરેલ બજેટના સ્વરૂપનું આ બજેટ છે. એટલે વોટ ઓન એકાઉન્ટમાં ચર્ચાને બહુ અવકાશ રહેશે નહીં."

ત્યારબાદ અધ્યક્ષશ્રીએ વધુમાં જણાવ્યું કે શરૂઆતમાં પૂરક માગણી પરની ચર્ચા તા. ૨૨મી માર્ચ, ૧૯૭૨ના રોજ રાખવાનું ઠરાવેલું. પરંતુ કાપદરખાસ્તો રજૂ કરવા માટે કંઈ કંઈ માગણી લેવી તે બાબત સમયના અભાવે બન્ને બાજુના દંડકો નક્કી કરી શકે તેમ ન હોવાથી પૂરક માગણી પરની ચર્ચા મુલતવી રાખવી પડશે. આ ચર્ચા ક્યારે રાખવી તે બાબત તેમણે ગૃહ સમક્ષ રજૂ કરી અને ગૃહનું મંતવ્ય જાણ્યા બાદ અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે લેખાનુદાન પરની ચર્ચા તા. ૨૪મી માર્ચ, ૧૯૭૨ના રોજ રાખવામાં આવશે અને મંગળવાર, તા. ૨૮મી માર્ચ, ૧૯૭૨ના રોજ ગૃહની બે બેઠકો રાખવામાં આવશે. તેમણે વધુમાં ઉમેર્યું કે તેમ છતાં કામકાજ સલાહકાર સમિતિના અહેવાલ અનુસાર કાર્યક્રમ ગોઠવવામાં આવશે.

૩. અધ્યક્ષશ્રીએ ગુજરાત પાર્લામેન્ટરી એસોસીએશન અંગે સભ્યોને માહિતી આપી અને તે એસોસીએશનના સભ્ય થવા માટે સભ્યોને સૂચન કર્યું.

## શુક્રવાર તા. ૨૪મી માર્ચ, ૧૯૭૨.

૧. અધ્યક્ષશ્રીએ પ્રમુખોની પેનલ પર બે સભ્યોના નિમણૂંક કરી અને જણાવ્યું કે બીજા સભ્યોની નિમણૂંક પાછળથી કરવામાં આવશે.

૨. તા. ૨૨મી માર્ચ, ૧૯૭૨ ના રોજ મળેલી કામકાજ સલાહકાર સમિતિની ભલામણો અધ્યક્ષશ્રીએ વાંચી સંભળાવી અને તેનો પહેલો અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂક્યો.

૩. સંસદીય બાબતોના મંત્રી, શ્રી રતુભાઈ અદાણીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે કામકાજ સલાહકાર સમિતિના પહેલા અહેવાલ સાથે આ સભાગૃહ સંમત થાય. પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

૪. નાણા મંત્રીશ્રીએ રાજ્યપાલશ્રીની સંવિધાનના અનુચ્છેદ ૨૦૩ (૩) અન્વયેની ભલામણો વાંચી સંભળાવી પ્રસ્તાવ રજૂ કર્યો કે સન ૧૯૭૨-૭૩ના નાણાકીય વર્ષના અંશત: સમય સારૂ અનુસૂચિમાં દર્શાવેલ વિભાગવાર સદરો અને માગણીઓ પ્રમાણેના અંદાજેલ ખર્ચ પરત્વે રૂા. ૧,૦૨,૧૬,૬૪,૦૦૦થી વધુ નહિ એવી રકમ રાજ્યપાલશ્રીને અગાઉથી આપવામાં આવે.

વિ.સ.સ. શ્રી માણેકલાલ ગાંધીએ પોઈન્ટ ઓફ ઓર્ડર રજૂ કર્યો કે નાણા મંત્રીશ્રીના તેમના અંદાજપત્રના પ્રવચનમાં હિન્દના પ્રધાનમંત્રી, શ્રીમતી ઈન્દીરા ગાંધી તેમજ શાસક કોંગ્રેસ પક્ષમાં ગુજરાતની જનતાએ મૂકેલાં શ્રધ્ધા અને વિશ્વાસ તેમજ નાણામંત્રીશ્રીએ જનતાનો માનેલો આભાર અંગેનો ઉલ્લેખ ઉચિત નથી અને તે તેમાંથી કાઢી નાંખવા જોઈએ.

અન્ય સભ્યોને સાંભળ્યા બાદ અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે સભાગૃહની અંદર દરેક માનનીય સભ્યને તેમના વિચારો જ્યાં સુધી તે પ્રસ્તુત હોય ત્યાં સુધી તે રજૂ કરવાનો અધિકાર છે. તેમણે વધુમાં ઉમેર્યું કે જો નાણા મંત્રીશ્રીને લાગે કે સત્તા ઉપર તેમના પક્ષને આવવા માટે, સભાગૃહમાં હાજર ન હોય તેવી કોઈપણ સંસ્થા કે વ્યકિત મદદરૂપ થઈ હતી અને તેનો જો તેઓ સ્વીકાર કરે તો તે અપ્રસ્તુત વાત કરે છે તેમ કહી શકાય નહિ. અંતમાં તેમણે વિ.સ.સ. શ્રી માણેકલાલ ગાંધીએ ઉઠાવેલા પોઈન્ટ ઓફ ઓર્ડરને નામંજૂર કર્યો. પ્રસ્તાવ ઉપર ચર્ચા શરૂ થઈ.

ચર્ચા દરમ્યાન અધ્યક્ષશ્રીએ જાહેર કર્યું કે લેખાનુદાન પરની ચર્ચા એક નાણાકીય કામકાજ હોવાને કારણે તેને ગિલોટીન ન લાગુ પડે અને તેથી સામાન્ય રીતે તે ચાર વાગ્યે તે ચર્ચા બંધ કરવી પડે. તેમણે વધુમાં ઉમેર્યું કે ચર્ચાના પહેલા દિવસે ચર્ચા કરવાની સારી તક રહે તેટલા માટે તેઓ સભાગૃહનો ઊઠવાનો સમય સાંજે પાંચ વાગ્યાને બદલે છ વાગ્યા સુધી લંબાવે છે કે જેથી પાંચ વાગ્યા સુધી ચર્ચા કરી શકાય. ચર્ચામાં કુલ ૧૭ સભ્યોએ અને બે મંત્રીશ્રીઓએ ભાગ લીધો.

ત્યાર પછી પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તે મંજૂર કરવામાં આવ્યો.

૫. (૧) સહકાર મંત્રી, શ્રી રતુભાઈ અદાણીએ, નિયમ ૪૪ અન્વયે, અધ્યક્ષશ્રીની પરવાનગીથી, રૂના વાવેતર અને ભાવ નિયમન સંબંધમાં સરકારે લીધેલાં પગલાં બાબતનું નિવેદન કર્યું. સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછયા અને ખેતીવાડી મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

(૨) વિદ્યુત મંત્રી, શ્રી ચીમનભાઈ પટેલે નિયમ ૪૪ અન્વયે, અધ્યક્ષશ્રીની પરવાનગીથી, વીજળીના પુરવઠા સંબંધમાં નિવેદન કર્યું. સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછયા અને વિદ્યુત મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

૬. અધ્યક્ષશ્રીએ જાહેર કર્યું કે બુધવાર, તારીખ ૨૯મી માર્ચ, ૧૯૭૨ના રોજ સવારની બેઠકનો સમય ૮-૩૦ થી ૧૨-૩૦ સુધીનો રહેશે તેમજ બપોરની બેઠકનો સમય બપોરના ૨-૦૦ થી સાંજના ૭-૦૦ સુધીનો રહેશે.

મંગળવાર. તા. ૨૮મી માર્ચ ૧૯૭૨

૧. વિ. સ. સ., સર્વશ્રી ગંગારામ રાવળ અને લીલાધર પટેલે ગુજરાતીમાં શપથ લીધા.

૨. અધ્યક્ષશ્રીએ જાહેર કર્યું કે ગાંધીનગરના ડી. એસ. પી. તરફથી તેમને ખબર આપવામાં આવ્યા છે કે તારીખ ૨૪મી માર્ચ, ૧૯૭૨ના રોજ બપોરના ૧-૧૫ વાગ્યે એક મોરચાને અટકાવવામાં આવેલ, એ મોરચામાં આ સભાગૃહના એક માનનીય સભ્યશ્રી ભગવાનદાસ નારણદાસ અમીનને થોડો વખત અટકાવી પાછળથી જવા દેવામાં આવ્યા હતા.

૩. નાણા મંત્રી, શ્રી કાન્તિલાલ ઘીયાએ જેના માટે પૂરક માગણી રજૂ કરવામાં નથી આવી તેવી, તા. ૨૧મી માર્ચ, ૧૯૭૨ સુધી મંજૂર થયેલી આકસ્મિક ફંડ પેશગીઓ દર્શાવતું પત્રક વિધાનસભાના મેજ ઉપર મૂક્યું.

૪. ઉપાધ્યક્ષશ્રીની ચૂંટણી બાબતની કાર્યવાહી અધ્યક્ષશ્રીએ જણાવ્યા બાદ શ્રી રમેશચંદ્ર યુકલ પરમારને યોગ્ય રીતે ઉપાધ્યક્ષ તરીકે ચૂંટાયેલા જાહેર કર્યા અને તેમને ઉપાધ્યક્ષશ્રીનું સ્થાન લેવા વિનંતી કરી.

૫. અધ્યક્ષશ્રીએ ગુજરાત યુનિવર્સિટીની સેનેટ પર ગુજરાત વિધાનસભાના પાંચ પ્રતિનિધિઓની ચૂંટણીના કાર્યક્રમની જાહેરાત કરી.

૬. વિ. સ. સ., શ્રી મનોહરસિંહજી જાડેજાએ સ્પષ્ટતા માગતો મુદ્દો ઉપસ્થિત કર્યો કે જૂની વિધાનસભા જ્યારે બરખાસ્ત કરવામાં આવી ત્યારે તે વિધાનસભાગૃહે માત્ર વોટ ઑન એકાઉન્ટ પાસ કર્યો હતો અને ત્યાર પછીનું ગુજરાત રાજ્ય માટેનું બજેટ રાષ્ટ્રપતિ શાસનને કારણે લોકસભાએ પસાર કર્યું હતું અને હવે જુદા જુદા અંદાજો ઉપરાંત જે ખર્ચાઓ વર્ષમાં થાય તે આ પૂરક માગણીઓ દ્વારા આ સભાગૃહ પાસે મંજૂર કરાવવા માગીએ છીએ. સાધારણ રીતે સરકાર તેના અમલ દરમિયાનના અથવા તો તેમણે વારસાગત સરકાર તરીકે કરેલા ખર્ચાઓ માટે જવાબદાર હોય છે. તો રાષ્ટ્રપતિ શાસન દરમિયાન રાજ્યપાલશ્રીએ કરેલા ખર્ચાઓ માટે વર્તમાન સરકારને કઈ રીતે નિમિત કે જવાબદાર ગણી શકાય અને ઉપરોક્ત ખર્ચાઓ અંગે આ સરકારની જવાબદારી ન હોય તો ચર્ચાને કેટલો અવકાશ છે? આ સભાગૃહ આ પૂરક માગણીઓ ઉપર ચર્ચા કરવાની અધિકારી છે કે કેમ એ દ્વિધાનો પ્રશ્ન છે એટલે એ અંગે સભ્યશ્રીએ સ્પષ્ટતા માગી કે જેથી કરીને સભાગૃહને માર્ગદર્શન મળી શકે.

અન્ય સભ્યોએ પણ ચર્ચામાં ભાગ લીધો. ત્યારબાદ અધ્યક્ષશ્રીએ ઉપરોક્ત મુદ્દો પોઈન્ટ ઓફ ઓર્ડર છે એમ જણાવી નિર્ણય આપ્યો કે રાષ્ટ્રપતિ શાસન આવે ત્યારે બંધારણની જોગવાઈ મુજબ રાજ્યની વિધાનસભાના અધિકારો લોકસભા ભોગવે છે. લોકસભા એ Principal નથી, એ એજન્ટ છે, અને એજન્ટે કરેલાં તમામ કાર્યોની જવાબદારી છેવટે Principal ની છે. એટલે આ વિધાનસભા Principal હોવાના કારણે લોકસભાએ જે કાંઈ કર્યું, તેના માટે આ સભાગૃહ જવાબદાર રહેશે. હવે Appropriation લોકસભાએ પસાર કર્યા પછી executive Governmentને, પછી એ રાષ્ટ્રપતિ હોય કે તેમના હાથ નીચેના રાજ્યપાલશ્રી હોય, એમને જ્યારે કોઈપણ ખર્ચ કરવાની જરૂર પડે ત્યારે જો

Appropriton Bill માં તેની જોગવાઈ ન કરવામાં આવી હોય તો Contingency Fundમાંથી નાણાં ઉછીનાં લઈને વહીવટ ચલાવે છે અને એ ઉછીનાં લીધેલ નાણાં પાછા આપવાની વાત અત્યારે આવે છે. આ સભાગૃહ ઉછીનાં લીધેલાં નાણાં પાછા આપવાની "હા" પાડે અથવા "ના" પાડે પણ successor Government તરીકે અત્યારની સરકાર અગાઉ થયેલા ખર્ચ માટે જવાબદાર રહે છે. Supplementery Demand એ બજેટમાંથી ઉત્પન્ન થતી demend નથી પણ એ સ્વતંત્ર demand છે. રાષ્ટ્રપતિનું શાસન બંધ પડયું એટલે મૂળ Principal તરીકે demand નો નિર્ણય કરવાનો અધિકાર આ સભાગૃહનો છે એટલે આ demandની બાબતમાં આ સભાગૃહ નિર્ણય કરે તે બંધારણ અનુસાર અને યોગ્યતા અનુસાર પણ યોગ્ય છે.

૭. સન ૧૯૭૧-૭૨ના વર્ષ માટેની પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન શરૂ થયું. નાયબ ગૃહ મંત્રીશ્રીએ પૂરક માગણીઓની વિચારણા કરવા બાબતની રાજ્યપાલશ્રીની ભલામણ વાંચી સંભળાવી.

(૧) હિસાબના મુખ્ય સદર "૧૮-સંસદ, રાજ્ય અને સંઘ પ્રદેશનાં વિધાન મંડળો (સામાન્ય વહીવટ વિભાગ)" અન્વયેની પૂરક માગણી ક્રમાંક-૧ રજૂ થઈ.

અધ્યક્ષશ્રીએ પૂરક માગણીઓ અને કાપ દરખાસ્તો પરની ચર્ચા અંગે સમજૂતિ આપી. ત્યારપછી અધ્યક્ષશ્રીએ મજકૂર પૂરક માગણી પર ૧ કાપ દરખાસ્ત રજૂ થયેલ જાહેર કરી.

(૨) ત્યાર પછી હિસાબના મુખ્ય સદર "૧૯-સામાન્ય વહીવટ (સામાન્ય વહીવટ વિભાગ)" અન્વયેની પૂરક માગણી ક્રમાંક-૨ રજૂ થઈ. અધ્યક્ષશ્રીએ મજકૂર પૂરક માગણી પર બે કાપ દરખાસ્તો રજૂ થયેલી જાહેર કરી.

(૩) ત્યાર પછી હિસાબના મુખ્ય સદર "૯-જમીન મહેસૂલ (મહેસૂલ વિભાગ)" અન્વયેની પૂરક માગણી ક્રમાંક-૨૧ રજૂ થઈ. અધ્યક્ષશ્રીએ મજકૂર પૂરક માગણી પર બે કાપ દરખાસ્તો રજૂ થયેલી જાહેર કરી.

(૪) ત્યાર પછી હિસાબના મુખ્ય સદર "૧૧-વાહનો પર કર, ૧૩-બીજાં કર અને જકાત (ગૃહ વિભાગ)" અન્વયેની પૂરક માગણી ક્રમાંક ૪૨ રજૂ થઈ. અધ્યક્ષશ્રીએ મજકૂર પૂરક માગણી પર એક કાપ દરખાસ્ત રજૂ થયેલી જાહેર કરી.

(૫) ત્યાર પછી હિસાબના મુખ્ય સદર "૨૩-પોલીસ (ગૃહ વિભાગ)" અન્વયેની પૂરક માગણી ક્રમાંક-૪૫ રજૂ થઈ. અધ્યક્ષશ્રીએ મજકુર પૂરક માગણી પર એક કાપ દરખાસ્ત રજૂ થયેલી જાહેર કરી.

ત્યાર પછી ઉપરોકત પૂરક માગણીઓ અને કાપદરખાસ્તો પર એકી સાથે ચર્ચા શરૂ થઈ. ચર્ચા બાદ, કાપ દરખાસ્તો પર મત લેવાતાં, તે નામંજૂર થઈ અને પૂરક માગણીઓ પર મત લેવાતાં તે મંજૂર કરવામાં આવી.

(૬) ત્યાર પછી હિસાબના સદર "૧૨-વેચાણ વેરો (નાણા વિભાગ)" અન્વયેની પૂરક માગણી ક્રમાંક-૬ રજૂ થઈ. અધ્યક્ષશ્રીએ મજકૂર પૂરક માગણી પર એક કાપ દરખાસ્ત રજૂ થયેલી જાહેર કરી.

(૭) ત્યાર પછી હિસાબના મુખ્ય સદર "૨૬-પરચૂરણ ખાતાં, ૭૧-પરચૂરણ (કાયદા વિભાગ)" અન્વયેની પૂરક માગણી ક્રમાંક ૧૪ રજૂ થઈ.

ત્યારપછી ઉપરોક્ત પૂરક માગણીઓ અને કાપ દરખાસ્ત પર એક સાથે ચર્ચા થઈ. ચર્ચા બાદ, કાપ દરખાસ્ત પર મત લેવાતાં તે નામંજૂર થઈ અને પૂરક માગણીઓ પર મત લેવાતાં તે મંજૂર કરવામાં આવી.

વિ. સ. સ., શ્રી મનુભાઈ પાલખીવાળાના ભાષણ દરમિયાન અધ્યક્ષશ્રીએ સભ્યશ્રીઓનું નિયમો પ્રત્યે ધ્યાન દોરતાં જણાવ્યું કે અધ્યક્ષસ્થાને બેઠેલા વ્યક્તિ અને બોલનાર સભ્ય વચ્ચેથી કોઈપણ વખત કોઈપણ માનનીય સભ્યશ્રીએ ચાલવું જોઈએ નહીં, અને બીજું કે અધ્યક્ષ બોલતા હોય ત્યારે જે સભ્યશ્રી ઉભા હોય તે ઉભા રહી જાય અને બેઠા હોય તે બેસી રહે. વધુમાં તેમણે જણાવ્યું કે ઘણા સભ્યશ્રીઓને આ નિયમની ખબર નહીં હોય એટલે ધ્યાન ખેંચવામાં આવે છે.

(૮) ત્યાર પછી હિસાબના મુખ્ય સદર "૪૨-બહુલક્ષી નદી યોજનાઓ, ૪૩-સિંચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામ (વાણિજ્યિક), ૪૪-સિંચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામ (બિન-વાણિજ્યિક) (બાંધકામ વિભાગ)" અન્વયેની પૂરક માગણી ક્રમાંક-૧૭ રજૂ થઈ. અધ્યક્ષશ્રીએ મજકૂર પૂરક માગણી પર એક કાપ દરખાસ્ત રજૂ થયેલી જાહેર કરી.

(૯) ત્યાર પછી હિસાબના મુખ્ય સદર "૯૮-બહુલક્ષી નદી યોજનાઓ અંગે મૂડી જોગવાઈ, ૯૯-સિંચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામ અંગે મૂડી જોગવાઈ (વાણિજ્યિક) ૧૦૦-સિંચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામ અંગે મૂડી જોગવાઈ (બિન-વાણિજ્યિક) (બાંધકામ વિભાગ)" અન્વયેની પૂરક માગણી ક્રમાંક-૬૫ રજૂ થઈ. અધ્યક્ષશ્રીએ મજકૂર પૂરક માગણી પર એક કાપ દરખાસ્ત રજૂ થયેલી જાહેર કરી.

ત્યાર પછી ઉપરોક્ત પૂરક માગણીઓ અને કાપ દરખાસ્તો પર એક સાથે ચર્ચા થઈ. ચર્ચા બાદ, કાપ દરખાસ્તો પર મત લેવાતાં તે નામંજૂર થઈ અને પૂરક માગણીઓ પર મત લેવાતાં તે મંજૂર કરવામાં આવી.

### બુધવાર તા. ૨૯મી માર્ચ, ૧૯૭૨.

### સવારની બેઠક

૧. (૧) હિસાબના મુખ્ય સદર "૩૦-જાહેર આરોગ્ય (પંચાયત અને આરોગ્ય વિભાગ)" અન્વયેની પૂરક માગણી ક્રમાંક-૩૧ રજૂ થઈ. અધ્યક્ષશ્રીએ મજકૂર પૂરક માગણી પર બે કાપ દરખાસ્તો રજૂ થયેલી જાહેર કરી.

(૨) ત્યાર પછી હિસાબના મુખ્ય સદર "૩૦-એ-કુટુંબ નિયોજન (પંચાયત અને આરોગ્ય વિભાગ)" અન્વયેની પૂરક માગણી ક્રમાંક-૩૨ રજૂ થઈ. અધ્યક્ષશ્રીએ મજકૂર પૂરક માગણી પર એક કાપ દરખાસ્ત રજૂ થયેલી જાહેર કરી.

અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે આજે પૂરક માગણીઓ પરની ચર્ચાનો છેલ્લો દિવસ હોઈને પૂરક માગણીઓ પર વધારે ચર્ચા થઈ શકે તે માટે તેઓ સભાગૃહની બેઠકનો સમય બપોરના ૧-૦૦ વાગ્યા સુધી લંબાવે છે. તેથી બધી ચર્ચાઓ ૧૨-૦૦ વાગ્યે પૂરી કરવામાં આવશે અને ત્યાર પછી ગિલોટીન લગાડવામાં આવશે.

ત્યાર પછી ઉપરોક્ત પૂરક માગણીઓ અને કાપ દરખાસ્તો ઉપર એક સાથે ચર્ચા થઈ.

ચર્ચા દરમ્યાન સભ્યશ્રી ડૉ. અમુલ દેસાઈએ માગણી કરી કે ગેરસમજના કારણે પોતાને બોલવાની તક ન મળી એટલે તેમને ફરી વખત બોલવાની પરવાનગી આપવી. અધ્યક્ષશ્રીએ તેવી પરવાનગી આપી.

ચર્ચા બાદ કાપ દરખાસ્તો પર મત લેવાતાં તે નામંજૂર થઈ અને પૂરક માગણીઓ પર મત લેવાતાં તે મંજૂર કરવામાં આવી.

(૩) ત્યાર પછી હિસાબના મુખ્ય સદર "૧૦-રાજ્ય આબકારી જકાત(શિ. અને મ. વિભાગ)" અન્વયેની પૂરક માગણી ક્રમાંક-૩૫ રજૂ થઈ. અધ્યક્ષશ્રીએ મજકૂર પૂરક માગણી પર એક કાપ દરખાસ્ત રજૂ થયેલી જાહેર કરી.

(૪) ત્યારપછી હિસાબના મુખ્ય સદર "૨૮-શિક્ષણ (શિ. અને મ. વિભાગ)" અન્વયેની પૂરક માગણી ક્રમાંક-૩૮ રજૂ થઈ. અધ્યક્ષશ્રીએ મજકૂર પૂરક માગણી પર એક કાપ દરખાસ્ત રજૂ થયેલી જાહેર કરી.

ત્યારપછી ઉપરોક્ત પૂરક માગણીઓ અને કાપ દરખાસ્તો પર એક સાથે ચર્ચા થઈ. ચર્ચાનો જવાબ શિક્ષણ મંત્રી, શ્રી ગોરધનદાસ ચોખાવાલા આપતા હતા ત્યારે બપોરના ૧૨-વાગ્યા હોવાથી પૂરક માગણીઓ પરની બધી ચર્ચા બંધ કરવામાં આવી. ત્યાર પછી કાપ દરખાસ્તો પર મત લેવાતાં તે નામંજૂર થઈ અને ઉપરોક્ત પૂરક માગણીઓ મંજૂર કરવામાં આવી.

ત્યાર પછી સન ૧૯૭૧-૭૨ના વર્ષનાં અનુદાનો માટેની બાકીની બધી પૂરક માગણીઓ એક પછી એક મત માટે મૂકવામાં આવી અને કોઈપણ જાતની ચર્ચા વિના મંજૂર કરવામાં આવી.

ઉપરોક્ત ચર્ચા દરમિયાન વિ. સ. સ. શ્રી રતનભાઈ ગાવિતે પૂરક માગણીઓ પરની ચર્ચામાં ભાગ લેવા દેવા માટે વારંવાર આગ્રહ રાખ્યો ત્યારે અધ્યક્ષશ્રીએ સભ્યશ્રીને જણાવ્યું કે જો સભ્યશ્રી બેસી નહીં જાય તો તેમને બહાર કાઢવા પડશે. ત્યાર પછી થોડીવાર બાદ વિ. સ.સ, શ્રી રતનભાઈ ગાવિતે અધ્યક્ષશ્રીને જણાવ્યું કે અધ્યક્ષશ્રી તેમને બહાર કાઢે તે પહેલાં તેઓ જ સભાત્યાગ કરવા માગે છે અને સભ્યશ્રીએ સભાત્યાગ કર્યો.

૨. અધ્યક્ષશ્રીએ જાહેર કર્યું કે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૮ અન્વયે વિનિયોગ વિધેયક પરની ચર્ચા કરવા બાબતમાં ધોરણ ઠરાવેલું છે. તેમણે વધુમાં જણાવ્યું કે પૂરક માગણીઓની ચર્ચામાં જે મુદ્દાઓ ચર્ચાયા ન હોય તેવા મુદ્દાઓની જ વિનિયોગ

વિધેયક વખતે ચર્ચા કરી શકાય. તેમણે વધુમાં જણાવ્યું કે સભ્યો કયા મુદ્દાઓની ચર્ચા કરવા માગે છે તે મુદ્દાઓ સ્પષ્ટ કરી જે સભ્યોએ તેની સૂચના અધ્યક્ષશ્રીને આપી નહિ હોય એવા સભ્યોને બોલવાની તક મળશે નહિ. તેમણે વધુમાં જણાવ્યું કે પૂરક માગણીઓ પરની ચર્ચા અત્યારે બંધ થતી હોવાથી અને વિનિયોગ વિધેયક પરની ચર્ચા બપોરની બેઠકમાં કરવાની હોવાથી જે માનનીય સભ્યોને જે મુદ્દાઓની ચર્ચા કરવી હોય તે મુદ્દાઓ સ્પષ્ટ રીતે બતાવી જો તેઓ વિધાનસભા સચિવાલયને બપોરના ૨-૦૦ વાગ્યા સુધીમાં આજે આપશે તો તે મુદ્દા પર સભ્યોને ચર્ચા કરવા દેવામાં આવશે.

ગૃહની અનુકૂળતા વિચારણામાં લઈને અધ્યક્ષશ્રીએ તા. ૩૦-૩-૧૯૭૨ના રોજ ગૃહની બેઠકનો સમય સવારના ૮-૩૦ થી બપોરના ૧-૦૦ સુધીનો ઠરાવ્યો.

બપોરની બેઠક

૧. ટૂંકી મુદતના પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. વિ. સ. સ., શ્રી કાંતિભાઈ ઈશ્વરભાઈ પટેલે, નિયમ ૧૧૬ અન્વયે, વિરમગામ પ્રભા મિલ્સ લિ. નો કબજો સંભાળી લેવાનો નેશનલ ટેક્ષટાઈલ કોરપોરેશને નિર્ણય લઈ લીધો હોવા છતાં રાજ્ય ટેક્ષટાઈલ કોરપોરેશને હજુ સુધી કબજો નહીં લેતાં બેરોજગારીથી આશરે ૨,૦૦૦ મિલ મજૂરો અને તેમનાં કુટુંબીજનોની ઉદ્‌ભવતી વધુ ગંભીર અને વિષમ પરિસ્થિતિ અને તે નિવારવા અંગે સરકારે લીધેલાં અથવા લેવાનાં તાકીદનાં પગલાં અંગે ઉદ્યોગ વિભાગના મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

ઉદ્યોગ વિભાગના મંત્રીશ્રીએ તેમનું નિવેદન રજૂ કર્યું. સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછ્યા અને મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

૩. પંચાયત મંત્રી, શ્રી રતુભાઈ અદાણીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે આ સભાગૃહ સને૧૯૬૧ના ગુજરાત પંચાયત અધિનિયમની કલમ ૩૧૬ની પેટા કલમ (૧) ની રકમ (૬) મુજબ ગુજરાત પંચાયત પરિષદ ઉપર વિધાનસભાના ત્રણ સભ્યોને ચૂંટવાનું કામ હાથ ઉપર ધરે. પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રીએ ચૂંટણી માટેનો કાર્યક્રમ જાહેર કર્યો.

૪. નીચે જણાવેલું સરકારી વિધેયક પસાર કરવામાં આવ્યું.

સન ૧૯૭૨નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક.

ગુરુવાર, તા. ૩૦મી માર્ચ, ૧૯૭૨.

૧. ટૂંકી મુદતના પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨.(અ) નાણાં મંત્રી, શ્રી કાંતિલાલ ઘીયાએ તા. ૮મી ડિસેમ્બર, ૧૯૭૧થી તા. ૧૪મી માર્ચ, ૧૯૭૨ સુધીમાં સરકારે આપેલી બાંયધરીની વિગત દર્શાવતું પત્રક વિધાનસભાના મેજ ઉપર મૂક્યું.

(બ) પંચાયત મંત્રી, શ્રી રતુભાઈ અદાણીએ નીચે દર્શાવેલી અધિસૂચનાઓ ગૃહના મેજ ઉપર મૂકી.

(૧) સન ૧૯૭૨ના ગુજરાત ડાંગ જિલ્લા પંચાયત (સરપંચોની સભ્યો તરીકેની ચૂંટણી) નિયમો ઘડતી પંચાયત અને આરોગ્ય વિભાગની તા. ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૭૨ની અધિસૂચના ક્રમાંક કેપી-૭-૭૨-પીઆરઆર-૮૮-૭૨ઝ,

(૨) સન ૧૯૭૨ના ગુજરાત ડાંગ જિલ્લા પંચાયત ચૂંટણી નિયમો ઘડતી પંચાયત અને આરોગ્ય વિભાગની તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૭૨ની અધિસૂચના ક્રમાંક-કેપી-૭૨-૪૮-પીઆરઆર-૮૭-૭૨-ઝ,

(૩) સન ૧૯૭૨ના ગુજરાત ડાંગ જિલ્લા પંચાયત (પ્રમુખ અને ઉપ-પ્રમુખની ચૂંટણી) નિયમો ઘડતી પંચાયત અને આરોગ્ય વિભાગની તા. ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૭૨ની અધિસૂચના ક્રમાંક-કેપી-૭૨-૪૯-પીઆરઆર-૮૫-૭૨-ઝ,

(૪) સન ૧૯૬૩ના ગુજરાત ગ્રામ અને નગર પંચાયતો (ગ્રામ અને નગર ભંડોળની અભિરક્ષા અને રોકાણ) નિયમો સુધારતી પંચાયત અને આરોગ્ય વિભાગની તા. ૧૩મી માર્ચ, ૧૯૭૨ની અધિસૂચના ક્રમાંક-કેપી-૭૨-૫૯-૧૯-(૨)-૭૨-ઝ,

(૫) સન ૧૯૬૩ના ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયતો, નાણાકીય હિસાબો અને અંદાજપત્ર નિયમો સુધારતી પંચાયત અને આરોગ્ય વિભાગની તા. ૧૩મી માર્ચ, ૧૯૭૨ની અધિસૂચના ક્રમાંક કેપી-૭૨-૫૮-પીઆરઆર-૨૧(૧૨)-૭૨-ઝ.

૩. (૧) અધ્યક્ષશ્રીએ સરદાર પટેલ યુનિવર્સિટીની સેનેટ પર ગુજરાત વિધાનસભાના બે પ્રતિનિધિઓની ચૂંટણીના કાર્યક્રમની જાહેરાત કરી.

(૨) અધ્યક્ષશ્રીએ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરાની સેનેટ પર ગુજરાત વિધાનસભાના એક પ્રતિનિધિની ચૂંટણીના કાર્યક્રમની જાહેરાત કરી.

(૩) અધ્યક્ષશ્રીએ અંદાજ સમિતિ, જાહેર હિસાબ સમિતિ અને જાહેર સાહસો માટેની સમિતિની ચૂંટણીના પરિણામની જાહેરાત કરી.

૪. નીચે જણાવેલું સરકારી વિધેયક પસાર કરવામાં આવ્યું.

સન ૧૯૭૨નું વિ. સ. વિધેયક ક્રમાંક-૧ સન ૧૯૭૨નું ગુજરાત વિનિયોગ (લેખાનુદાન) વિધેયક.

૫. મુખ્ય મંત્રી, શ્રી ધનશ્યામભાઈ ઓઝાએ તારીખ ૨૯મી માર્ચ, ૧૯૭૨ના રોજ ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક-૧૫ પરની પ્રશ્નોત્તરી દરમ્યાન આપેલા જવાબમાં સુધારો કરતું નિવેદન કર્યું.

૬. અધ્યક્ષશ્રીએ બિન-સરકારી સભ્યોનાં વિધેયકો અને સંકલ્પો માટેની સમિતિની નિમણૂક કરી અને જણાવ્યું કે ઉપાધ્યક્ષશ્રી ઉક્ત સમિતિના પ્રમુખ રહેશે.

સોમવાર, તા. ૩જી એપ્રિલ ૧૯૭૨.

૧. ટૂંકી મુદતના પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. વિ. સ. સ. શ્રી ચંદ્રકાન્ત પરીખે, નિયમ ૧૧૬ અન્વયે, વડોદરા શહેરમાં રાજ્ય સરકારે ટેક્ષટાઈલ કોરપોરેશનને ખાનગી વ્યકિતને વેચેલ વડોદરા સ્પી. એન્ડ વિવિંગ મિલ્સ લી., વડોદરા, તાજેતરમાં બંધ થવાને કારણે ૨૦૦૦ જેટલા કામદારો બેકાર થવાને કારણે સરકારે લીધેલાં પગલાં તરફ ઉદ્યોગ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

ઉદ્યોગ મંત્રીશ્રીએ તેમનું નિવેદન રજૂ કર્યું. સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછ્યા અને ઉદ્યોગ મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

૩. નાયબ વાહન વ્યવહાર મંત્રી, શ્રી પ્રબોધ રાવળે નીચે જણાવેલા કાગળો વિધાનસભાના મેજ ઉપર મૂકયા :—

(૧) ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર કોરપોરેશનનો સન ૧૯૭૦-૭૧નો વાર્ષિક વહીવટી અહેવાલ.

(૨) ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર કોરપોરેશનનું સન ૧૯૭૦-૭૧નું સુધારેલું અંદાજપત્ર અને સન ૧૯૭૧-૭૨નું મૂળ અંદાજપત્ર.

૪. બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના, પ્રમુખ, શ્રી રમેશચંદ્ર પરમારે, સમિતિનો પહેલો અહેવાલ રજૂ કર્યો અને ત્યારબાદ અહેવાલને મંજૂર રાખવા બાબતનો પ્રસ્તાવ રજૂ કર્યો. પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તે સ્વીકારવામાં આવ્યો.

(૫) (૧) વિ. સ. સ. શ્રી ફુલસિંહ સોલંકીએ સંકલ્પ રજૂ કર્યો કે નર્મદા યોજનાનો પ્રશ્ન ગુજરાતનો વણઉકલ્યો પ્રાણ પ્રશ્ન છે. રાજ્યમાં પ્રવર્તતી વીજળીની ભારે તંગીના સંદર્ભમાં બહુલક્ષી નર્મદા યોજનાનો અમલ તાકીદનો બન્યો છે. દેશ વિકાસના એવા તબકકા પર પહોંચ્યો છે જ્યારે નર્મદા યોજનાનો વિલંબ તેને પોષાય તેમ નથી.

ગુજરાત અને મધ્યપ્રદેશને લાગેવળગે છે ત્યાં સુધી ગરીબી હઠાવો કાર્યક્રમનું મુખ્ય પગથિયું નર્મદા યોજના છે. તાજેતરના પાકિસ્તાની આક્રમણ પછી કચ્છનાં સરહદી રણ વિસ્તારોનો વિકાસ કરવાની બાબત પ્રથમ અગ્રતા માગી લે છે અને આ દષ્ટિએ પણ નર્મદા યોજનાનો વહેલો અમલ થવો જરૂરી છે.

આ બધી બાબતોને ધ્યાનમાં લઈને આ સભાગૃહ રાજ્ય સરકારને ભલામણ કરે છે કે નર્મદા યોજનાના પ્રશ્નનો ન્યાયી ઉકેલ સત્વરે લાવવા માટે જરૂરી કાર્યવાહી વિના વિલંબે હાથ ધરે.

વિ.સ.સ., શ્રી ફુલસિંહ સોલંકીએ તેમનાં મંતવ્યો રજૂ કર્યાં. ત્યાર પછી આઠ સભ્યોએ અને એક મંત્રીશ્રીએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ વિ.સ.સ., શ્રી ફુલસિંહ સોલંકીએ આપ્યો. ત્યારપછી સંકલ્પ મત માટે મૂકવામાં આવ્યો અને તે વિના વિરોધે પસાર કરવામાં આવ્યો.

(૨) વિ.સ.સ. શ્રી ભાવસિંહજી ઝાલાએ સંકલ્પ રજૂ કર્યો કે રાજ્યમાં સમતુલ વિકાસ નથી જેથી સમાજમાં ઘણા નબળા વર્ગો ઉભા થાય છે. તેમની આર્થિક-સામાજિક અને કેળવણી વિષયોમાં ઘણું જ પછાતપણું છે તે દૂર કરવા આ પહેલાંની સરકારે આર્થિક પછાતબોર્ડની રચના કરેલી તેનો અમલ કરવા અને આવા નબળા વર્ગો ખાસ કરીને ક્ષત્રિય, રબારી અને અન્ય સમાજોના ઉત્કર્ષ માટે તેમજ તેમને નોકરીની તકો ઊભી થાય તે અંગે ખાસ નાણાંની જોગવાઈ કરવા સભાગૃહ રાજ્ય સરકારને ભલામણ કરે છે.

વિ.સ.સ. શ્રી ભાવસિંહજી ઝાલાએ તેમના મંતવ્યો રજૂ કર્યા ત્યારપછી પાંચ સભ્યોએ અને એક મંત્રીશ્રીએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ વિ.સ.સ. શ્રી ભાવસિંહજી ઝાલાએ આપ્યો. ત્યારપછી સંકલ્પ મત માટે મૂકવામાં આવતાં, વિ.સ.સ. શ્રી માણેકલાલ ગાંધીએ વિભાજનની માગણી કરી જે સ્વીકારવામાં આવી. વિભાજન થતાં, સંકલ્પની તરફેણમાં ૧૯ અને વિરુધ્ધમાં ૮૬ મત પડતાં સંકલ્પનો અસ્વીકાર કરવામાં આવ્યો.

(૩) વિ.સ.સ., શ્રી શંકરજી ઠાકોરે પ્રસ્તાવ રજૂ કર્યો કે ઉત્તર ગુજરાત એ રાજ્યના અન્ય પ્રદેશોની સરખામણીમાં હમેશાં પછાત પ્રદેશ રહ્યો છે. આ પ્રદેશોમાં અન્ય પછાત જાતિઓ અને વર્ગો આવેલા છે અને તેમના ઉત્કર્ષ માટે રાજ્ય સરકાર તરફથી અમુક યોજનાઓ કરવામાં આવી છે. આ પ્રદેશોમાં જેની ચાલીસ ટકા જેટલી વસ્તી થવા જાય છે, તે ઠાકોર-ભાઈઓ તથા રબારી-ભરવાડ-માલધારીઓનો આ પછાત જાતિઓના વર્ગીકરણમાં સમાવેશ કરવામાં આવ્યો નથી તે દુઃખદ છે. આ કોમો આર્થિક, શૈક્ષણિક અને સામાજિક રીતે ઘણી પછાત અને સમાજનો નબળામાં નબળો વર્ગ છે. પછાત વર્ગોને જે લાભો મળવા માંડયા છે તેનાથી તે વંચિત રહેલ છે. એટલે આર્થિક સગવડો શૈક્ષણિક વગેરે લાભો આ કોમોને પણ મળે અને બધા પછાતવર્ગો સાથે તેમનું પણ ઉત્થાન થાય તે માટે જરૂરી પગલાં લેવા આ સભાગૃહ રાજ્ય સરકારને ભલામણ કરે છે.

વિ.સ.સ., શ્રી શંકરજી ઠાકોરે તેમનાં મંતવ્યો રજૂ કર્યાં. ત્યારપછી છ સભ્યોએ અને એક મંત્રીશ્રીએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ, વિ.સ.સ., શ્રી શંકરજી ઠાકોરે આપ્યો. ત્યારપછી, સભાગૃહની પરવાનગીથી, સંકલ્પ પાછો ખેંચી લેવામાં આવ્યો.

વિ.સ.સ., ડો. ઠાકોરભાઈ પટેલે સંકલ્પ રજૂ કર્યો કે ગુજરાત રાજ્યનાં ગામડાં મુખ્ય રસ્તાઓ સાથે એપ્રોચ રોડથી જોડાયાં નહીં હોવાથી ગામડાંની પેદાશની હેરફેરને તથા જનતાને માંદગી તથા ઈતર પ્રસંગોએ અવરજવરની મોટી મુશ્કેલી ભોગવવી પડે છે.

રાજ્યના તમામ વિસ્તારોને પાકા રસ્તાઓથી સાંકળવાની રાજ્ય સરકારની નીતિ રહેલી છે. તેથી આ વિધાનસભાગૃહ રાજ્ય સરકારને તમામ એપ્રોચ રોડઝ પ્રાયોરીટીના ધોરણે હાથ પર લેવા ભલામણ કરે છે.

સભાગૃહની અનુકૂળતા વિચારણામાં લઈ અધ્યક્ષશ્રીએ સભાગૃહની બેઠકનો સમય સાંજના ૫--૧૫ સુધી લંબાવ્યો.

ત્યારપછી વિ.સ.સ. ડો. ઠાકોરભાઈ પટેલે ઉપરોક્ત સંકલ્પ પર તેમનાં મંતવ્યો રજૂ કર્યા. ત્યારબાદ પાંચ સભ્યો અને એક મંત્રીશ્રીએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ વિ.સ.સ. શ્રી ઠાકોરભાઈ પટેલે આપ્યો. ત્યારપછી, સભાગૃહની પરવાનગીથી, સંકલ્પ પાછો ખેંચી લેવામાં આવ્યો.

વિ.સ.સ., શ્રી ઉત્તમભાઈ પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે ગુજરાત રાજ્યમાં શારીરિક મહેનત કરનાર દરેક માણસને રોજનો ઓછામાં ઓછો મજૂરીનો દર રૂા. ૩/- પ્રમાણે અને કાયમી નોકરી હોય તેમને વર્ષે દિવસે ઓછામાં ઓછા રૂા. ૧૨૦૦/- પ્રમાણે વેતન હોવું જોઈએ એમ આ સભાગૃહ ઠરાવે છે અને એ ઠરાવનો અમલ કરવા માટે લઘુત્તમ વેતનધારા અન્વયે બહાર પાડવામાં આવેલા સંબંધિત નોટિફિકેશનમાં યોગ્ય ફેરફાર કરવા આ સભાગૃહ રાજ્ય સરકારને વિનંતી કરે છે.

વિ.સ.સ., શ્રી ઉત્તમભાઈ પટેલે તેમનાં મંતવ્યો રજૂ કર્યાં. ત્યારપછી છ સભ્યો અને એક મંત્રીશ્રીએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ વિ.સ.સ. શ્રી ઉત્તમભાઈ પટેલે આપ્યો. ત્યારપછી, સભાગૃહની પરવાનગીથી, સંકલ્પ પાછો ખેંચી લેવામાં આવ્યો.

મંગળવાર, તા. ૪થી એપ્રિલ, ૧૯૭૨.

૧. ટૂંકી મુદતના પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. અધ્યક્ષશ્રીએ ગુજરાત યુનિવર્સિટીની સેનેટ પર ગુજરાત વિધાનસભાના પાંચ પ્રતિનિધિઓની ચૂંટણીનું પરિણામ જાહેર કર્યું.

૩. વિદ્યુત મંત્રી, શ્રી ચીમનભાઈ પટેલે ગુજરાત વિદ્યુત બોર્ડનું સન ૧૯૭૨--૭૩નું વાર્ષિક નાણાકીય વિવરણ પત્રક વિધાનસભાના મેજ ઉપર મૂક્યું.

૪. વિ.સ.સ., ડૉ. અમુલ દેસાઈએ ગાંધીનગરની આબોહવા લક્ષમાં લઈ ગૃહની બેઠકનો સમય બપોરના ૧--૦૦ થી સાંજના ૬--૦૦ સુધી રાખવાની વિનંતી કરી.

અધ્યક્ષશ્રીએ ગૃહની અનુકૂળતા વિચારણામાં લઈ જણાવ્યું કે ચાલુ સત્રમાં થોડા જ દિવસ બાકી રહ્યા હોવાથી તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા જણાતી નથી. તેમણે વધુમાં જણાવ્યું કે આવતા સત્ર માટે સભ્યશ્રીના સૂચન બાબતમાં વિચારણા કરવામાં આવશે.

૫. રાજ્યપાલશ્રીના સંબોધન પર આભાર પ્રસ્તાવ રજૂ કરનાર વિ.સ.સ., શ્રી માધવસિંહ સોલંકીએ તેમનાં મંતવ્યો રજૂ કર્યાં.

અધ્યક્ષશ્રીએ જાહેર કર્યું કે રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ઘણા સુધારા આવ્યા હતા પરંતુ અગાઉની પ્રથા મુજબ તેમણે દરેક સભ્યનો એકેક સુધારો મંજૂર કર્યો છે.

અધ્યક્ષશ્રીએ રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ૧૦ સુધારા રજૂ થયેલા જાહેર કર્યા.

ત્યાર પછી રાજ્યપાલશ્રીના સંબોધન માટે આભાર પ્રસ્તાવને અનુમોદન આપનાર વિ.સ.સ., શ્રી પ્રતાપરાય શાહે તેમનાં મંતવ્યો રજૂ કર્યાં.

ત્યાર પછી રાજ્યપાલશ્રીના સંબોધન પરના આભાર પ્રસ્તાવ પર તેમજ સુધારાઓ પર એક સાથે ચર્ચા શરૂ થઈ. ચર્ચામાં ૧૬ સભ્યોએ ભાગ લીધો. ચર્ચા અધૂરી રહી.

૬. તારીખ ૪થી એપ્રિલ, ૧૯૭૨ના રોજ મળેલી કામકાજ સલાહકાર સમિતિની ભલામણો અધ્યક્ષશ્રીએ વાંચી સંભળાવી તેને સભાગૃહના મેજ ઉપર મૂકી.

૭. (૧) અધ્યક્ષશ્રીએ તારીખ ૭મી એપ્રિલ, ૧૯૭૨ના રોજ ગૃહની બેઠકનો સમય સવારના ૮-૩૦ થી બપોરના ૧૨-૩૦ સુધીનો તેમજ બપોરના ૨--૦૦ થી સાંજના ૭--૦૦ સુધીનો ઠરાવ્યો.

વધુમાં તેમણે તા. ૮-૪-૭૨ના રોજ ગૃહની બેઠકનો સમય સવારના ૮-૦૦ થી બપોરના ૧-૦૦ સુધીનો ઠરાવ્યો.

(૨) અધ્યક્ષશ્રીએ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરાની સેનેટ પર ગુજરાત વિધાનસભાના એક પ્રતિનિધિની ચૂંટણીનું પરિણામ જાહેર કર્યું.

(૩) અધ્યક્ષશ્રીએ ગુજરાત પંચાયત પરિષદ ઉપર વિધાનસભાના ત્રણ સભ્યોની ચૂંટણીનું પરિણામ જાહેર કર્યું.

(૪) અધ્યક્ષશ્રીએ સરદાર પટેલ યુનિવર્સિટીની સેનેટ પર ગુજરાત વિધાનસભાના બે પ્રતિનિધિઓની ચૂંટણીનું પરિણામ જાહેર કર્યું.

બુધવાર, તા. ૫મી એપ્રિલ, ૧૯૭૨.

૧. ટૂંકી મુદતના પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. વિ.સ.સ. શ્રી નરસિંહદાસ ગોંધિઆએ, નિયમ ૧૧૬ અન્વયે, તારીખ ૩૦મી માર્ચ, ૧૯૭૨ના રોજ સાણંદ તાલુકા પંચાયતનું બજેટ પસાર કરવા માટે મળનાર તાલુકા પંચાયતની બેઠક વખતે સાણંદમાં સાણંદ વિભાગના ધારાસભ્ય, શ્રી રૂદ્રદત્તસિંહજી અને ગુજરાત રાજ્યના સહકાર વિભાગના નાયબ મંત્રીશ્રી, ભાનુપ્રસાદ પંડ્યાએ સુલેહ શાંતિનો ભંગ થાય તેવાં ભાષણો કર્યાં, જેનાથી સરકારને ૧૪૪મી કલમ જાહેર કરવી પડેલી. ઉપરાંત તાલુકા પંચાયતનું બજેટ પસાર ન થાય તે હેતુથી ઘણા સરપંચોને સાણંદના દરબાર ગઢમાં ગોંધી રાખવાનું ગુન્હાહીત કૃત્ય કરવામાં આવેલું. જેનાથી સાણંદ તાલુકા પંચાયતની કાર્યવાહી અટકી પડેલી છે તે અંગે સરકારે લીધેલાં કે લેવાં ધારેલાં પગલાંઓ તરફ મુખ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

નાયબ ગૃહ મંત્રીશ્રીએ તેમનું નિવેદન રજૂ કર્યું.

વિ.સ.સ. શ્રી રૂદ્રદત્તસિંહજીએ અંગત ખુલાસો કર્યો.

ત્યાર પછી સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછ્યા અને નાયબ ગૃહ મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

૩. સહકાર મંત્રી, શ્રી રતુભાઈ અદાણીએ ગુજરાત રાજ્ય વેરહાઉસીંગ કોરપોરેશનનો સન ૧૯૭૦-૭૧નો વાર્ષિક અહેવાલ અને હિસાબ વિધાનસભાના મેજ ઉપર મૂક્યા.

૪. સચિવશ્રીએ ગુજરાત વિધાનસભાના ચાલુ સત્રમાં વિધાનસભાએ પસાર કરેલાં અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે તેવાં બે વિધેયકો સભાગૃહના મેજ ઉપર મૂક્યાં.

૫. સંસદીય બાબતોના મંત્રી, શ્રી રતુભાઈ અદાણીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના બીજા અહેવાલ સાથે સંમત થાય.

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તે મંજૂર કરવામાં આવ્યો.

૬. રાજ્યપાલશ્રીના સંબોધન પર બીજે દિવસે ચર્ચા ચાલુ રહી. વિ.સ.સ. શ્રી હસમુખલાલ વોરાએ તેમનું તારીખ ૪થી એપ્રિલ, ૧૯૭૨ના રોજ અધૂરું રહેલું ભાષણ પૂરું કર્યું ત્યારપછી ૧૯ વધુ સભ્યોએ ચર્ચામાં ભાગ લીધો. ચર્ચા અધૂરી રહી.

૭. વિ.સ.સ., શ્રી અંબાલાલ ઉપાધ્યાયના ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક-૨૫ના તારીખ ૩જી એપ્રિલ, ૧૯૭૨ના રોજ આરોગ્ય મંત્રીશ્રીએ આપેલા જવાબો ઉપરથી સભ્ય, શ્રી મનુભાઈ પાલખીવાળાએ જાહેર અગત્યની બાબત પર અરધા કલાકની ચર્ચા સાંજે ૫-૦૦ વાગ્યે શરૂ કરી અને તે અંગે તેમનાં મંતવ્યો રજૂ કર્યાં.

આરોગ્ય મંત્રી, શ્રી ગોરધનદાસ ચોખાવાળાએ ચર્ચાનો જવાબ આપ્યો.

સભ્યોએ ચર્ચામાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછયા અને આરોગ્ય મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

ગુરુવાર, તા. ૬ઠ્ઠી એપ્રિલ, ૧૯૭૨.

૧. ટૂંકી મુદતના પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. (અ) નાયબ મહેસૂલ મંત્રી શ્રી રામજીભાઈ ઠક્કરે સન ૧૯૫૬ના મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન નિયમો સુધારતી મહેસૂલ વિભાગની, તા. ૯મી ડિસેમ્બર, ૧૯૭૧ની અધિસૂચના ક્રમાંક જીએચએમ. ૭૧-૪૯૭૩-એમ-ટીએનસી-૧૦૬૯-૧૦૨૪૩૨-જ વિધાનસભાના મેજ ઉપર મૂકી.

(બ) ઉદ્યોગ મંત્રી, શ્રી ચીમનભાઈ પટેલે નીચે દર્શાવેલા વૈધાનિક અહેવાલો વિધાનસભાના મેજ ઉપર મૂકયા.

(૧) ગુજરાત એક્ષપોર્ટ કોરપોરેશન લિમિટેડનો સન ૧૯૭૦-૭૧નો વાર્ષિક અહેવાલ અને હિસાબો તેમજ તે કોરપોરેશનના સન ૧૯૭૦-૭૧ના વર્ષ માટેની કાર્યવાહીનો સરકારે તૈયાર કરેલો અહેવાલ.

(૨) ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કોરપોરેશન લિમિટેડનો સન ૧૯૭૦-૭૧નો વાર્ષિક અહેવાલ અને હિસાબ તેમજ તે કોરપોરેશનના સન ૧૯૭૦-૭૧ના વર્ષ માટેની કાર્યવાહીનો સરકારે તૈયાર કરેલો અહેવાલ.

૩. રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા ત્રીજે અને છેલ્લે દિવસે ચાલુ રહી. ચર્ચામાં ૧૫ વધુ સભ્યોએ અને ૪ મંત્રીશ્રીઓએ ભાગ લીધો.

રાજ્યપાલશ્રીના સંબોધન પરના આભાર પ્રસ્તાવ પર સભ્યોએ અગાઉ રજૂ કરેલા સુધારાઓ રજૂ ન કરતાં અધ્યક્ષશ્રીએ સંબોધન માટેનો આભાર પ્રસ્તાવ મત માટે મૂકયો અને તે સભાગૃહે સ્વીકાર્યો.

વિશ્રાંતિ બાદ વિ. સ. સ., શ્રી ઘનશ્યામ પંડિતે તેમનું અધૂરું રહેલું ભાષણ પૂરું કરતા હતા ત્યારે સભ્યશ્રીએ દારૂબંધીના કાયદાનો ભંગ કરતા અમુક ઈસમોનાં નામો ગૃહ સમક્ષ રજૂ કર્યાં ત્યારે અધ્યક્ષશ્રીએ સભ્યશ્રીનું ધ્યાન ગૃહના નિયમો તરફ દોરતાં જણાવ્યું કે જે વ્યકિતઓ ગૃહમાં હાજર ન હોય તેવી વ્યકિતઓ સામે આક્ષેપ કરતાં પહેલાં તેની વિગત અધ્યક્ષશ્રીને અને સંબંધકર્તા મંત્રીશ્રીને અગાઉથી આપવી જોઈએ. આથી આવાં નામોનો નિર્દેશ ન કરવો.

તેમણે વધુમાં જણાવ્યું કે સભ્યે દર્શાવેલી વ્યકિતઓનાં નામોને ગૃહની કાર્યવાહીમાંથી કાઢી નાખવાનો તેઓ આદેશ આપે છે. પ્રેસ રિપોર્ટરોએ પણ તેની નોંધ લેવી તેમ નિર્દેશ કર્યો.

રાજ્યપાલશ્રીના સંબોધન પરના આભાર પ્રસ્તાવ પરની ચર્ચા દરમિયાન સર્વશ્રી જશવંત ચૌહાણ, જયદિપસિહજી તેમજ લાલસિંહ રહેવરે રાજ્યપાલશ્રી સંબંધે કરેલા કેટલાક ઉલ્લેખો ગૃહની કાર્યવાહીની નોંધમાંથી, નિયમ ૩૬ અન્વયે, કાઢી નાખવાનો અધ્યક્ષશ્રીએ નિર્ણય જાહેર કર્યો.

શુક્રવાર, તા. ૭મી, એપ્રિલ, ૧૯૭૨.

સવારની બેઠક.

૧. મુખ્યમંત્રી, શ્રી ઘનશ્યામભાઈ ઓઝાએ ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૬૮ હેઠળ નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

"That this house ratifies the amendments to Constitution of India falling within the purview of the proviso to clause (2) of Article 368 thereof proposed to be made by the Constitution (Twenty fifth Amendment) Bill, 1971, as passed by the two Houses of Parliament."

મુખ્ય મંત્રી, શ્રી ઘનશ્યામભાઈ ઓઝાએ તેમનું પ્રવચન વાંચી સંભળાવ્યું.

કામકાજ સલાહકાર સમિતિએ પ્રસ્તુત પ્રસ્તાવ માટે એક કલાકનો સમય ફાળવ્યો હોવા તરફ અધ્યક્ષશ્રીએ સભાગૃહનું ધ્યાન દોર્યું અને સૂચન કર્યું કે સભ્યો તે સમય મર્યાદાને લક્ષમાં લઈને ચર્ચા કરશે.

સભ્યોએ રજૂઆત કરી કે ઉક્ત પ્રસ્તાવ એક ઘણો મહત્વનો પ્રસ્તાવ હોઈ સભાગૃહને તે માટે વધારે સમય ફાળવવો જોઈએ. મંત્રીશ્રી, સંસદીય બાબતોએ, વિનંતી કરી કે ચર્ચા માટેનો સમય વધુ એક કલાક આપવામાં આવે. ગૃહની અનુકૂળતા લક્ષમાં લઈ અધ્યક્ષશ્રીએ જાહેર કર્યું કે પ્રસ્તુત ચર્ચા માટે વધારાનો એક કલાક રહેશે.

ત્યારપછી પ્રસ્તાવ પર ચર્ચા શરૂ થઈ. ચર્ચામાં ૧૨ સભ્યોએ ભાગ લીધો.

ચર્ચાનો જવાબ મુખ્ય મંત્રી, શ્રી ઘનશ્યામભાઈ ઓઝાએ આપ્યો. ત્યારપછી પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૨. અધ્યક્ષશ્રીએ જાહેર કર્યું કે સરકારે તેમને જાણ કરી છે કે વિધેયક ક્રમાંક ૫ પસાર થાય ત્યારપછી, સન ૧૯૭૨નું મુંબઈ પ્રોવિન્શિયલ કોરપોરેશન (ગુજરાત સુધારા) વિધેયકને વહેલી તકે પસાર કરવાની જરૂરિયાત ઊભી થઈ હોઈ તેને સરકાર ત્યારપછી લેવા માંગે છે. તેથી તે વિધેયક ઉપર જણાવ્યા પ્રમાણે લેવામાં આવશે.

૩. નીચે દર્શાવેલા સરકારી વિધેયક પરની ચર્ચા અધૂરી રહી.

સન ૧૯૭૨નું વિધેયક ક્રમાંક-૫ સન ૧૯૭૨નું ગુજરાત આદિજાતિ વિકાસ કોરપોરેશન વિધેયક.

બપોરની બેઠક.

૧. ટૂંકી મુદતના પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. પંચાયત મંત્રી, શ્રી રતુભાઈ અદાણીએ સન ૧૯૭૨ના ગુજરાત ડાંગ જિલ્લા પંચાયત (સભ્યોને કો-ઓપ્ટ કરવા) નિયમો ઘડતી પંચાયત અને આરોગ્ય વિભાગની તા. ૧લી એપ્રિલ, ૧૯૭૨ની અધિસૂચના ક્રમાંક-કેપી/૭૨-૮૦/પી આરઆર-૮૯/૭૨-ઝ,વિધાનસભાના મેજ ઉપર મૂકી.

૩. નીચે દર્શાવેલાં વિધેયકો પસાર કરવામાં આવ્યાં.

(૧) સન ૧૯૭૨નું વિધેયક ક્રમાંક--૫ સન ૧૯૭૨નું ગુજરાત આદિજાતિ વિકાસ કોરપોરેશન વિધેયક.

(૨) સન ૧૯૭૨નું વિધેયક ક્રમાંક--૬ સન ૧૯૭૨નું મુંબઈ પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોરપોરેશન (ગુજરાત સુધારા) વિધેયક.

(૩) સન ૧૯૭૨નું વિધેયક ક્રમાંક--૪ સન ૧૯૭૨ નું ગુજરાત વિધાનસભા (અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ) પગાર તથા ભથ્થાં (સુધારા) વિધેયક.

(૪) સન ૧૯૭૨નું વિધેયક ક્રમાંક--૩ સન ૧૯૭૨નું ગુજરાત મંત્રી પગાર અને ભથ્થાં (સુધારા) વિધેયક.

૪. (૧) અધ્યક્ષશ્રીએ જાહેર કર્યું કે સરકાર તરફથી તેમને માહિતી મળી છે કે વિધેયક ક્રમાંક ૭ માં સરકાર તરફથી અમુક વિધિ કરવાની બાકી હોઇ, સરકાર મજકૂર વિધેયક ચાલુ સત્રમાં લાવવા માગતી નથી.

(૨) અધ્યક્ષશ્રીએ વિશેષાધિકાર સમિતિની નિમણૂક કરી અને જણાવ્યું કે વિ. સ. સ. શ્રી દિવ્યકાંત નાણાવટી તે સમિતિના પ્રમુખ રહેશે.

વધુમાં તેમણે જણાવ્યું કે અગાઉની સમિતિ સમક્ષ હાઈકોર્ટને લગતો જે એક કેસ બાકી રહ્યો હતો અને જે બાબત વિ. સ. સ શ્રી પ્રતાપ શાહે રજૂ કરી હતી તે કેસ પણ તેઓ વર્તમાન સમિતિને સોંપે છે.

(૩) અધ્યક્ષશ્રીએ નિયમો માટેની સમિતિની નિમણૂક કરી અને જણાવ્યું કે નિયમાનુસાર અધ્યક્ષ તે સમિતિના પ્રમુખ રહેશે.

(૪) અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે હવે ગૃહ સમક્ષ ફક્ત છેલ્લા દિવસના પ્રસ્તાવ અંગેનું કામ બાકી રહે છે. તેમણે વધુમાં જણાવ્યું કે આવતી કાલે ગૃહની બેઠકનો સમય સવારના ૧૧--૦૦ વાગ્યે રાખવામાં આવે તો તે સભ્યોને અનુકૂળ થશે કે કેમ. ગૃહની અનુકૂળતા લક્ષમાં લઈ અધ્યક્ષશ્રીએ તા. ૮મી એપ્રિલ, ૧૯૭૨ ના રોજ ગૃહની બેઠકનો સમય સવારના ૧૧--૦૦ થી બપોરના ૧૨--૩૦ વાગ્યા સુધીનો રાખ્યો.

## શનિવાર, તા. ૮મી એપ્રિલ, ૧૯૭૨.

૧. ટૂંકી મુદતના પ્રશ્ન પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. વિ.સ.સ. શ્રી રતનભાઈ ગાવિતે, નિયમ ૧૧૬ અન્વયે, ડાંગ જિલ્લાના આહવા પોલીસ સ્ટેશને તારીખ ૨૯મી માર્ચ, ૧૯૭૨ થી તારીખ ૩જી એપ્રિલ, ૧૯૭૨ ના ગાળા દરમ્યાન પોલીસ સ્ટેશન ઉપર ફરજ બજાવતા પોલીસોએ શ્રી આબીદભાઈ નામના શખસને બેભાન

થાય ત્યાં સુધી માર માર્યો અને તેની પાસેથી પૈસા લૂંટી લીધા અને આ અંગે તેમણે પોલીસમાં ફરિયાદ નોંધાવ્યા છતાં હજી સુધી કાંઈ પગલાં લેવામાં આવ્યાં નથી તો તે અંગે સરકારે લેવા ધારેલાં પગલાં તરફ મુખ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

નાયબ ગૃહ મંત્રીશ્રીએ તેમનું નિવેદન રજૂ કર્યું. સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછયા અને નાયબ ગૃહ મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

૩. (અ) નાયબ ગૃહ મંત્રી, શ્રી પ્રબોધ રાવળે સન ૧૯૬૬ ના ડીલીમીટેશન ઓફ પાર્લામેન્ટરી એન્ડ એસેમ્બલી કોન્સ્ટીટયુઅન્સીઝ ઓર્ડરમાં સુધારા કરતી ચૂંટણી પંચની તા. ૨૫મી નવેમ્બર, ૧૯૭૧ ની અધિસૂચના ક્રમાંક--૨૮૨/૧/જીજે/૭૧ વિધાનસભાના મેજ ઉપર મૂકી.

(બ) નાણાં મંત્રી, શ્રી કાંતિલાલ ઘીયાએ ગુજરાત ઈન્ડસ્ટ્રીઅલ ઈન્વેસ્ટમેન્ટ કોરપોરેશન લિમિટેડનો જાન્યુઆરી, ૧૯૭૦ થી માર્ચ, ૧૯૭૧ સુધીનો અહેવાલ તેમજ તે કોરપોરેશનની તે જ સમય માટેની કાર્યવાહીનો સરકારે તૈયાર કરેલો અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકયો.

૪. વિ. સ. સ. શ્રી બટુક વોરાએ, નિયમ ૧૦૪ અન્વયે પ્રસ્તાવ રજૂ કર્યો કે સમાજવાદની દિશામાં નક્કર પગલાં તરીકે ગુજરાત રાજ્યમાં ટૂંકી ખેતી ધરાવનારા મોટા સમુદાયને આર્થિક બોજમાંથી મુકત કરવાની દૃષ્ટિએ તાકીદે પાંચ એકર સુધી જમીન ધરાવનારાઓને જમીન મહેસૂલમાંથી મુકિત આપવાનો પ્રશ્ન વિચારણામાં લેવામાં આવે.

પ્રસ્તાવ પર ચર્ચા થઈ. ચર્ચામાં ૧૨ સભ્યોએ અને એક મંત્રીશ્રીએ ભાગ લીધો. ચર્ચા પૂરી થઈ.

૫. (૧) અધ્યક્ષશ્રીએ સરકારે આપેલી ખાતરી માટેની સમિતિની શ્રી નરેન્દ્રસિંહજી ઝાલાના પ્રમુખપદે નિમણૂક કરી.

(૨) અધ્યક્ષશ્રીએ ગૌણ વિધાન સમિતિની ઉપાધ્યક્ષશ્રીના પ્રમુખપદે નિમણૂક કરી.

(૩) અધ્યક્ષશ્રીએ સદસ્ય નિવાસ સમિતિની શ્રી હરિભાઈ ડેરિયાના પ્રમુખપદે નિમણૂક કરી.

(૪) અધ્યક્ષશ્રીએ સભ્યોની ગેરહાજરી માટેની સમિતિની શ્રી મનુભાઈ વ્યાસના પ્રમુખપદે નિમણૂક કરી.

(૫) અધ્યક્ષશ્રીએ અરજી સમિતિની ઉપાધ્યક્ષશ્રીના પ્રમુખપદે નિમણૂક કરી.

(૬) અધ્યક્ષશ્રીએ ગ્રંથાલય સમિતિની અધ્યક્ષશ્રીના પ્રમુખપદે નિમણૂક કરી.

(૭) અધ્યક્ષશ્રીએ સભ્યોનાં પગાર ભથ્થાં અંગેની સમિતિની શ્રી નાથાલાલ ગોકળદાસના પ્રમુખપદે નિમણૂક કરી.

(૮) અધ્યક્ષશ્રીએ નિયમો માટેની સમિતિ પર ખાલી રહેતી જગ્યા ઉપર વિ. સ. સ., શ્રી ગંગારામ રાવળની નિમણૂક કરી.

૯. અધ્યક્ષશ્રીએ સત્ર સમાપ્તિ કરતા રાજ્યપાલશ્રીનો સંદેશો વાંચી સંભળાવ્યો.

સત્ર બપોરના ૧-૦૬ વાગ્યે પૂરું થયું.

---

પત્રક ક્રમાંક—૫

અધ્યક્ષશ્રીએ ~~અધ્યક્ષશ્રીએ~~ નીમેલી પ્રમુખોની પેનલ

| અ. નં. | સભ્યોનાં નામ | | | નિમણૂકની તારીખ |
|---|---|---|---|---|
| ૧ | શ્રી માલદેવજી ઓડેદરા | ... | ... | ૨૪-૩-૭૨ |
| ૨ | શ્રી દિવ્યકાન્ત નાણાવટી | ... | ... | " |

પત્રક

અતારાંકિત અને ટૂંકી મુદતના

| પ્રશ્નનો પ્રકાર | મળેલી સૂચનાઓ | દાખલ કર્યા | દાખલ ન કર્યા | પાછા ખેંચી લીધા |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| અતારાંકિત | ૫૬ | ૪૮ | ૬ | ... |
| ટૂંકી મુદતના | ૧૯૮ | ૭૦ | ૧૦૮ | ... |

*આમાં ૫ પ્રશ્નો નિયમ -૨૧ અન્વયે રદ થયા હતા અને ૮ પ્રશ્નોમાં લાગતાવળગતા

ક્રમાંક—૬

પ્રશ્નોનો નિકાલ (આંકડામાં)

| સ્પષ્ટીકરણ માટે | | કલબ (એકત્રિત) | ગૃહમાં જવાબ આપ્યા | સત્ર સમાપ્ત થતાં નિયમ ૨૧ અન્વયે તથા અન્ય કારણોસર રદ થયેલા પ્રશ્નો | સત્ર સમાપ્તિના દિવસે બાકી જવાબોની સંખ્યા |
|---|---|---|---|---|---|
| વિભાગને | સભ્યને | | | | |
| ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ... | ... | ૨ | ... | ... | ૪૮ |
| ... | ... | ૨૦ | ૫૭ | *૧૩ | ... |

મંત્રીશ્રીઓએ તાત્કાલિક જવાબ આપવાની ના પાડવાથી રદ થયા હતા.

પત્રક

## અતારાંકિત પ્રશ્નોની વિભાગવાર

| વિભાગ | મળેલી સૂચનાઓ | દાખલ કર્યા | દાખલ ન કરેલા | પાછા ખેંચી લીધા |
|---|---|---|---|---|
| સામાન્ય વહીવટ | ... | ... | ... | ... |
| નાણાં | ... | ... | ... | ... |
| જાહેર બાંધકામ | ૧૦ | ૯ | ૧ | ... |
| કાયદા | ૧ | ૧ | ... | ... |
| મહેસૂલ | ૬ | ૬ | ... | ... |
| પંચાયત અને આરોગ્ય | ૨૪ | ૧૯ | ૩ | ... |
| શિક્ષણ અને મજૂર | ૪ | ૪ | ... | ... |
| ગૃહ | ૧ | ૧ | ... | ... |
| નાગરિક પુરવઠા | ... | ... | ... | ... |
| ઉદ્યોગ, ખાણ અને વીજળી | ૨ | ૧ | ૧ | ... |
| ખેતી, વન અને સહકાર | ૮ | ૭ | ૧ | ... |
| | ૫૬ | ૪૮ | ૬ | ... |

ક્રમાંક—૭

માહિતી (આંકડામાં)

| સ્પષ્ટીકરણ માટે | | કલબ (એકત્રિત) | ગૃહમાં જવાબ આપ્યા | સત્ર સમાપ્તિ વખતે બાકી જવાબોની સંખ્યા |
|---|---|---|---|---|
| વિભાગને | સભ્યને | | | |
| ... | ... | ... | ... | ... |
| ... | ... | ... | ... | ... |
| ... | ... | ... | ... | ૯ |
| ... | ... | ... | ... | ૧ |
| ... | ... | ... | ... | ૬ |
| ... | ... | ૨ | ... | ૧૯ |
| ... | ... | ... | ... | ૪ |
| ... | ... | ... | ... | ૧ |
| ... | ... | ... | ... | ... |
| ... | ... | ... | ... | ૧ |
| ... | ... | ... | ... | ૭ |
| ... | ... | ૨ | ... | ૪૮ |

પત્રક

સરકારી

| અનુ. ક્રમાંક | વિધેયકની ટૂંકી સંજ્ઞા | સરકારી વિભાગનું નામ | પ્રભારી મંત્રીશ્રીનું નામ | દાખલ કર્યા તારીખ | પહેલા વાચનની તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧. | સન ૧૯૭૨નું વિધેયક નં. ૧, સન ૧૯૭૨નું ગુજરાત વિનિયોગ (લેખાનુદાન) વિધેયક. | નાણા વિભાગ | શ્રી કાંતિલાલ ઘીયા, નાણા મંત્રીશ્રી | ૩૦--૩--૭૨ | ૩૦--૩--૭૨ |
| ૨. | સન ૧૯૭૨નું વિધેયક નં. ૨, સન ૧૯૭૨નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક. | નાણા વિભાગ | શ્રી કાંતિલાલ ઘીયા નાણા મંત્રીશ્રી | ૨૯--૩--૭૨ | ૨૯--૩--૭૨ |
| ૩. | સન ૧૯૭૨નું વિધેયક નં. ૩, સન ૧૯૭૨ નું ગુજરાત મંત્રી પગાર અને ભથ્થાં (સુધારા) વિધેયક. | સામાન્ય વહીવટ વિભાગ | શ્રી ઘનશ્યામભાઈ ઓઝા, મુખ્ય મંત્રીશ્રી | ૭--૪--૭૨ | ૭--૪--૭૨ |
| ૪. | સન ૧૯૭૨ નું વિધેયક નં. ૪, સન ૧૯૭૨નું ગુજરાત વિધાનસભા (અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ) પગાર તથા ભથ્થા (સુધારા) વિધેયક. | કાયદા વિભાગ | શ્રી રતુભાઈ અદાણી, સંસદીય બાબતોના મંત્રીશ્રી | ૭--૪--૭૨ | ૭-૪-૭૨ |

ક્રમાંક—૮

વિધેયકો

| બીજા વાચનની તારીખ | ત્રીજા વાચનની તારીખ | સુધારા | | | શેરો |
|---|---|---|---|---|---|
| | | જેની સૂચના મળી | જે રજૂ કરવામાં આવ્યા | જે પસાર કરવામાં આવ્યા | |
| ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૩૦--૩--૭૨ | ૩૦--૩--૭૨ | ... | ... | ... | ... |
| ૨૯--૩--૭૨ | ૨૯--૩--૭૨ | ... | ... | ... | ... |
| ૭--૪--૭૨ | ૭--૪--૭૨ | ... | ... | ... | વિધેયકને ખંડ-૭ બાકાત રાખીને દાખલ કરવામાં આવ્યું અને તે મુજબ પસાર થયું. |
| ૭--૪--૭૨ | ૭--૪--૭૨ | ... | ... | ... | વિધેયકને ખંડ—૫ બાકાત રાખીને દાખલ કરવામાં આવ્યું અને તે મુજબ પસાર થયું. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
|---|---|---|---|---|---|
| ૫. | સન ૧૯૭૨નું વિધેયક નં. ૫, સન ૧૯૭૨નું ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન વિધેયક | શિક્ષણ અને મજૂર વિભાગ | શ્રી ગોરધનદાસ ચોખાવાલા, શિક્ષણ અને સમાજ કલ્યાણ મંત્રીશ્રી | ૭--૪--૭૨ | ૭--૪--૭૨ |
| ૬. | સન ૧૯૭૨ નું વિધેયક નં. ૬, સન ૧૯૭૨ નું મુંબઈ પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોરપોરેશન (ગુજરાત સુધારા) વિધેયક. | પંચાયત અને આરોગ્ય વિભાગ | શ્રી ગોરધનદાસ ચોખાવાલા, શિક્ષણ અને સમાજ કલ્યાણ મંત્રીશ્રી | ૭--૪--૭૨ | ૭--૪--૭૨ |
| ૭. | સન ૧૯૭૨ નું વિધેયક નં. ૭, સન ૧૯૭૨નું મુંબઈ ઈનામ (કચ્છ વિસ્તાર) નાબૂદી (સુધારા) વિધેયક. | મહેસૂલ વિભાગ | શ્રી ઘનશ્યામભાઈ ઓઝા, મુખ્ય મંત્રીશ્રી. | ... | ... |

| ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
|---|---|---|---|---|---|
| ૭-૪-૭૨ | ૭-૪-૭૨ | ... | ... | ... | ... |
| ૭-૪-૭૨ | ૭-૪-૭૨ | ... | ... | ... | ... |
| ... | ... | ... | ... | ... | વિધેયક રજૂ ન થયું. |

પત્રક ક્રમાંક—૯

## ૧૯૭૧-૭૨ના વર્ષ માટેની પૂરક માગણીઓ

| રજૂ થયેલી પૂરક માગણીઓની સંખ્યા. | ચર્ચાએલી માગણીઓ | | | ચર્ચા વગર પસાર (ગિલોટીન) થયેલ પૂરક માગણીઓ |
|---|---|---|---|---|
| | અનુક્રમ | માગણી નંબર | હિસાબનું મુખ્ય સદર | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૬૯ | ૧ | ૧ | ૧૮--સંસદ, રાજ્ય અને સંઘ પ્રદેશના વિધાનમંડળો. (સા. વ. વિભાગ) | ૫૬ |
| | ૨ | ૨ | ૧૯--સામાન્ય વહીવટ (સા. વ. વિભાગ) | |
| | ૩ | ૨૧ | ૯--જમીન મહેસૂલ (મહેસૂલ વિભાગ) | |
| | ૪ | ૪૨ | ૧૧--વાહનો પર કર<br>૧૩--બીજા કર અને જકાત (ગૃહ વિભાગ) | |
| | ૫ | ૪૫ | ૨૩--પોલીસ (ગૃહ વિભાગ) | |
| | ૬ | ૬ | ૧૨--વેચાણવેરો (નાણા વિભાગ) | |
| | ૭ | ૧૪ | ૨૬--પરચૂરણ ખાતાં<br>૭૧--પરચૂરણ (કાયદા વિભાગ) | |
| | ૮ | ૧૭ | ૪૨--બહુલક્ષી નદી યોજનાઓ<br>૪૩--સિંચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામ (વાણિજ્યિક) | |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| | | | ૪૪--સિચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામ (બિન--વાણિજિયક) (બાંધકામ વિભાગ) | |
| | ૯ | ૬૫ | ૯૮--બહુલક્ષી નદી યોજનાઓ અંગે મૂડી જોગવાઈ. | |
| | | | ૯૯--સિચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામ અંગે મૂડી જોગવાઈ (વાણિજિયક) | |
| | | | ૧૦૦--સિચાઈ, નૌપરિવહન , બંધ અને પાણી નિકાલનાં કામ અંગે મૂડી જોગવાઈ (બિન-વાણિજિયક) (બાંધકામ વિભાગ) | |
| | ૧૦ | ૩૧ | ૩૦--જાહેર આરોગ્ય (પં. અને આ. વિભાગ) | |
| | ૧૧ | ૩૨ | ૩૦--એ-કુટુંબ નિયોજન ( પં. અને આ. વિભાગ) | |
| | ૧૨ | ૩૫ | ૧૦--રાજ્ય આબકારી જકાત (શિ. અને મ. વિભાગ) | |
| | ૧૩ | ૩૮ | ૨૮--શિક્ષણ (શિ. અને મ. વિભાગ) | |

પત્રક ક્રમાંક—૧૦

ધ્યાન દોરતી સૂચનાઓ (નિયમ-૧૧૬)

| મળેલી સૂચનાઓની સંખ્યા | નામંજૂર કરેલી, પાછી ખેંચી લીધેલી વિગેરે | દાખલ કરેલી | દાખલ કરેલી સૂચનાનો વિષય (ટૂંકમાં) | સૂચના આપનાર સભ્યશ્રીનું નામ | બાબત પર ધ્યાન દોર્યા તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૬૯ | ૪૭ | ૪ (૨૨ સૂચનાઓમાંમાંથી એકત્રિત કરીને) | ૧. વિરમગામ પ્રભા મિલ્લ લી.નો રાજ્ય ટેક્ષટાઈલ કોરપોરેશને કબજો નહીં લેતાં ઉપસ્થિત થતી પરિસ્થિતિ બાબત. | સર્વશ્રી કાન્તિભાઈ ઈ. પટેલ, સોમાલાલ શિરોઈયા, જશવંત ચૌહાણ, મનુભાઈ પાલખીવાળા, નરસિંહદાસ ગોંધિયા, માણેકલાલ ગાંધી, એ. ટી. કુંદીવાલા, વીરસીંગ મોહનીયા, જયદિપસિંહજી અને ચંદ્રકાંત પરીખ. | ૨૯--૩--૭૨ |
| | | | ૨. વડોદરા સ્પી. એન્ડ વીવીંગ મિલ્સ લી. બંધ થવાથી બેકાર બનેલા કામદારો અંગે. | શ્રી ચંદ્રકાંત પરીખ | ૩--૪--૭૨ |
| | | | ૩. સાણંદ તાલુકા પંચાયતને પૂરતું રક્ષણ આપવામાં રાજ્ય સરકારની બેદરકારી બાબત. | શ્રી નરસિંહદાસ ગોંધિયા | ૫--૪--૭૨ |
| | | | ૪. આહવા પોલીસ સ્ટેશન પર ફરજ બજાવતા પોલીસોએ એક શખસને મારેલ માર બાબત. | શ્રી રતનભાઈ ગાવિત | ૮--૪--૭૨ |

## પત્રક ક્રમાંક—૧૧

### બિન-સરકારી સંકલ્પો (નિયમ ૧૧૭)

| અનુ-ક્રમાંક | સૂચનાનો વિષય | સૂચના આપનાર સભ્યશ્રીનું નામ | ચર્ચાયા તારીખ | પરિણામ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | નર્મદા યોજનાના ઝડપી ઉકેલ માટે કાર્યવાહી કરવા બાબત | શ્રી ફૂલસિંહ સોલંકી | ૩--૪--૭૨ | ચર્ચાને અંતે સંકલ્પ મત માટે મૂકવામાં આવ્યો અને તે વિના-વિરોધે પસાર કરવામાં આવ્યો. |
| ૨. | ક્ષત્રિય, રબારી અને અન્ય સમાજોના ઉત્કર્ષ માટે સરકારે કરેલી આર્થિક પછાત બોર્ડની રચનાના અમલ માટે ખાસ નાણાની જોગવાઈ કરવા અંગે | શ્રી ભાવસિંહજી ઝાલા | ૩--૪--૭૨ | ચર્ચાને અંતે મત લેવાતાં સંકલ્પનો અસ્વીકાર થયો. |
| ૩. | ઉત્તર ગુજરાતના ઠાકોરો, રબારીઓ, ભરવાડો અને માલ ધારીઓને પછાત કોમોને જે લાભો મળે છે તેવા લાભો આપવા બાબત. | શ્રી શંકરજી ઠાકોર | ૩--૪--૭૨ | ચર્ચાને અંતે સભાગૃહની પરવાનગીથી સંકલ્પ પાછો ખેંચી લેવામાં આવ્યો. |
| ૪. | રાજ્યના તમામ વિસ્તારોને એપ્રોચ રોડથી જોડવા બાબત. | શ્રી ઠાકોરભાઈ પટેલ | ૩--૪--૭૨ | ,, |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| ૫. | મજૂરીનો દર ઓછામાં ઓછો રૂા. ૩ કરવા અને તેના અમલ માટે લઘુત્તમ વેતન ધારાના નોટીફીકેશનમાં યોગ્ય સુધારો કરવા બાબત. | શ્રી ઉત્તમભાઈ પટેલ | ૩--૪--૭૨ | ચર્ચાને અંતે સભાગૃહની પરવાનગીથી સંકલ્પ પાછો ખેંચી લેવામાં આવ્યો. |
| ૬. | વસવાટોની વૈકલ્પિક વ્યવસ્થા કર્યા વિના ગંદા વસવાટો દૂર કરાવવામાં આવે નહીં તે અંગે જરૂરી પગલાં લેવાં બાબત. | શ્રી મનુભાઈ પાલખીવાળા | ૩--૪--૭૨ | સંકલ્પનો અગ્રતાક્રમ છઠ્ઠો હોવાથી અને આગળના પાંચેય સંકલ્પો ચર્ચાયા હોવાથી આ સંકલ્પ રજૂ થઈ શકયો નહીં. |

પત્રક ક્રમાંક —૧૨

## જુદી જુદી સમિતિઓ ઉપર સભ્યોની ચૂંટણી

| અનુ-ક્રમાંક | સમિતિનું નામ | સભ્યોના નામ | ચૂંટણીના પરિણામની તારીખ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | જાહેર હિસાબ સમિતિ. | ૧ શ્રી માણેકલાલ ગાંધી, પ્રમુખ,<br>૨ શ્રી ભીમસીંગ વસાવે,<br>૩ શ્રી ભુલાભાઈ પટેલ,<br>૪ શ્રી ચંદ્રકાન્ત પરીખ,<br>૫ શ્રી છબીલદાસ મહેતા,<br>૬ શ્રી ગોવિંદભાઈ કે. પટેલ,<br>૭ શ્રી હરિસિંહ મહીડા,<br>૮ શ્રીમતી કોકિલાબહેન વ્યાસ,<br>૯ શ્રી લેખરાજ બચાણી,<br>૧૦ શ્રી માનાભાઈ ભાંભી અને<br>૧૧ શ્રી પ્રવિણચંદ્રસિંહજી | ૩૦મી માર્ચ, ૧૯૭૨. |
| ૨ | અંદાજ સમિતિ | ૧ શ્રી માલદેવજી ઓડેદરા, પ્રમુખ<br>૨ શ્રી લાલસિંહજી રહેવર,<br>૩ શ્રી કેશવભાઈ પટેલ,<br>૪ શ્રી વિરજીભાઈ મુનિયા,<br>૫ શ્રી શંકરલાલ ગુરૂ,<br>૬ શ્રી ઉદેસિંહ વડોદીયા,<br>૭ શ્રી કાન્તિલાલ શાહ,<br>૮ ડૉ. ઠાકોરભાઈ પટેલ,<br>૯ શ્રીમતી ગંગાબેન વાઘેલા,<br>૧૦ શ્રી નવિનચંદ્ર રવાણી અને<br>૧૧ શ્રી પ્રભાતગીરી ગોસાઈ. | ૩૦મી માર્ચ, ૧૯૭૨. |
| ૩ | જાહેર સાહસો માટેની સમિતિ. | ૧ શ્રી માધવલાલ શાહ, પ્રમુખ<br>૨ શ્રી ભગવાનદાસ અમીન,<br>૩ શ્રી નરસિંહદાસ ગોંધિયા<br>૪ શ્રી માધવસિંહ સોલંકી, | તા. ૩૦મી માર્ચ, ૧૯૭૨. |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| | | ૫ શ્રી મનોહરસિંહજી જાડેજા,<br>૬ શ્રી પ્રતાપ શાહ,<br>૭ શ્રી મનુભાઈ પાલખીવાલા,<br>૮ શ્રી નરસિંહભાઈ મકવાણા,<br>૯ શ્રી મણિભાઈ શાહ,<br>૧૦ શ્રી જશવંત ચૌહાણ, અને<br>૧૧ શ્રીમતી નિર્મળાબેન ઝવેરી. | |
| ૪ | વિશેષાધિકાર સમિતિ. | ૧ શ્રી દિવ્યકાન્ત નાણાવટી, (પ્રમુખ)<br>૨ શ્રી કૃષ્ણવદન પચ્ચીગર,<br>૩ ડૉ. અજીત પટેલ,<br>૪ શ્રી પ્રભાતગીરી ગોસાઈ,<br>૫ શ્રી હરિસિંહ મહીડા,<br>૬ શ્રી કેશવભાઈ પટેલ, અને<br>૭ શ્રી મોતીભાઈ ચૌધરી. | ૭મી એપ્રિલ, ૧૯૭૨. |

## પત્રક ક્રમાંક —૧૩

### જુદી જુદી સમિતિઓ ઉપર અધ્યક્ષશ્રીએ નીમેલા સભ્યો.

| ક્રમાંક | સમિતિનું નામ | સભ્યોના નામ | નિમણૂકની તારીખ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | કામકાજ સલાહકાર સમિતિ | ૧. શ્રી રાઘવજી લેઉવા, અધ્યક્ષ, પ્રમુખ<br>૨. શ્રી ઘનશ્યામભાઈ ઓઝા, મુખ્ય મંત્રીશ્રી<br>૩. શ્રી રતુભાઈ અદાણી,<br>૪. શ્રી માણેકલાલ ગાંધી,<br>૫. શ્રી જયદિપસિંહજી,<br>૬. શ્રી હરિસિંહજી ગોહિલ,<br>૭. શ્રી માલદેવજી ઓડેદરા,<br>૮. શ્રી માધવસિંહ સોલંકી,<br>૯. શ્રી અમુલ દેસાઈ,<br>૧૦. શ્રી ગોપાળદાસ પટેલ અને<br>૧૧. શ્રી નરેન્દ્રસિંહજી ઝાલા. | ૨૧મી માર્ચ, ૧૯૭૨ |
| ૨. | બિન--સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ. | ૧. શ્રી રમેશચંદ્ર પરમાર, ઉપાધ્યક્ષ, પ્રમુખ.<br>૨. શ્રી હિંમતભાઈ રજવાડી,<br>૩. શ્રી શંકરજી ઓખાજી ઠાકોર,<br>૪. શ્રીમતી ડાહીબેન રાઠોડ,<br>૫. શ્રી જીવરાજભાઈ વાગડીઆ,<br>૬. શ્રી બટુકરાય વોરા,<br>૭. શ્રી કાન્તીભાઈ ઈશ્વરભાઈ પટેલ,અને<br>૮. શ્રી ગોવિંદભાઈ જેઠાભાઈ બોડા. | ૩૦મી માર્ચ, ૧૯૬૨ |
| ૩. | નિયમો માટેની સમિતિ. | ૧. શ્રી રાઘવજી લેઉઆ, અધ્યક્ષ, પ્રમુખ.<br>૨. શ્રી રતુભાઈ અદાણી, સંસદીય બાબતોના મંત્રીશ્રી, | ૭મી એપ્રિલ, ૧૯૭૨ |

| ૧ | ૨ | ૩ | ૪ |
| --- | --- | --- | --- |
| | | ૩. શ્રી કાન્તિલાલ ઘીયા,<br>કાયદા મંત્રીશ્રી,<br>૪. શ્રી નરેન્દ્રસિંહ ઝાલા,<br>૫. શ્રી પિયુષ ઠાકોર,<br>૬. શ્રી દિનકર દેસાઈ,<br>૭. શ્રી ઉદેસિંહ વડોદિયા,<br>૮. શ્રી મંછારામ નારણદાસ પટેલ,<br>૯. શ્રી દોલતભાઈ પરમાર,<br>૧૦. શ્રીમતી ડાહીબેન રાઠોડ,<br>૧૧. શ્રી ગોકળદાસ પટેલ,<br>૧૨. શ્રી લાલસિંહ રહેવર,<br>૧૩. શ્રી વિઠ્ઠલભાઈ ડોસાભાઈ પટેલ,<br>૧૪. શ્રી ધીરજલાલ જયસ્વાલ, અને<br>૧૫. શ્રી ગંગારામ રાવલ. | |
| ૪. | સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિ. | ૧. શ્રી નરેન્દ્રસિંહ ઝાલા, પ્રમુખ<br>૨. શ્રી પ્રતાપરાય શાહ,<br>૩. શ્રી હરિસિંહ મહિડા,<br>૪. શ્રી કાન્તિલાલ શાહ,<br>૫. શ્રી પ્રભુદાસ પટેલ,<br>૬. શ્રી રામજીભાઈ કરકર,<br>૭. શ્રી રમણભાઈ પટેલ,<br>૮. શ્રી માંનાભાઈ ભાંભી<br>૯. શ્રી લીલાધર પટેલ, અને<br>૧૦. શ્રી ફૂલસિંહ સોલંકી. | ૮મી એપ્રિલ, ૧૯૭૨. |
| ૫. | ગૌણ વિધાન સમિતિ. | ૧. શ્રી રમેશચન્દ્ર પરમાર, ઉપાધ્યક્ષશ્રી<br>૨. શ્રી કાન્તિલાલ ઘીયા,<br>કાયદા મંત્રીશ્રી<br>૩. શ્રી છબીલદાસ મહેતા,<br>૪. શ્રી કેસરભાઈ ડોડિયા,<br>૫. શ્રી ઉમેદસિંહ ગોહિલ,<br>૬. શ્રી પોપટભાઈ સોરઠીયા,<br>૭. શ્રીમતી નિર્મળાબેન ઝવેરી,<br>૮. શ્રી બાબુભાઈ દેસાઈ,<br>૯. શ્રી માણેકલાલ ગાંધી, અને<br>૧૦. શ્રી કેશવભાઈ પટેલ. | ૮મી એપ્રિલ, ૧૯૭૨. |

| ૧ | ૨ | ૩ | ૪ |
| --- | --- | --- | --- |
| ૬. | સદસ્ય નિવાસ વ્યવસ્થા સમિતિ. | ૧. શ્રી હરિભાઈ ડેરિયા, પ્રમુખ,<br>૨. શ્રી બાબુભાઈ મોદી,<br>૩. શ્રી મઘાભાઈ ભીલ,<br>૪. શ્રીમતી હસુમતીબેન ગુંદિયાર,<br>૫. શ્રી મગનલાલ સોમૈયા,<br>૬. શ્રી ગોવિંદભાઈ પરમાર,<br>૭. શ્રી રતનજી પટેલ,<br>૮. શ્રી છત્રસિંહ સોલંકી,<br>૯. શ્રી દાદુભાઈ વાઘેલા,<br>૧૦. શ્રી મારખીભાઈ ગોરીયા,<br>૧૧. શ્રી લાલજીભાઈ કરેણ,<br>૧૨. શ્રી પ્રેમચંદ ઓતમચંદ,<br>૧૩. શ્રી નરસિંહદાસ ગોંધિયા,<br>૧૪. શ્રી ભગવાનદાસ અમીન, અને<br>૧૫. શ્રી ગોવિંદભાઈ બોડા. | ૮મી એપ્રિલ, ૧૯૭૨. |
| ૭. | સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિ. | ૧. શ્રી મનુભાઈ વ્યાસ, પ્રમુખ,<br>૨. શ્રી બલભદ્રસિંહ ઝાલા,<br>૩. શ્રી કાળીદાસ ચૌહાણ,<br>૪. શ્રી બાબુભાઈ મોદી,<br>૫. શ્રી માલજીભાઈ હાભી,<br>૬. શ્રી મેઘજીભાઈ મોથારીયા,<br>૭. શ્રી બુધાજી ચૌહાણ, અને<br>૮. શ્રી વીરસિંગભાઈ મોહનીયા. | ૮મી એપ્રિલ, ૧૯૭૨. |
| ૮. | અરજી સમિતિ. | ૧. શ્રી રમેશચન્દ્ર પરમાર, ઉપાધ્યક્ષશ્રી,<br>૨. શ્રી દયાશંકર ત્રિવેદી,<br>૩. શ્રી અંબાલાલ ઉપાધ્યાય,<br>૪. ડૉ. અબ્દુલ મુતલીબ પીરજાદા,<br>૫. શ્રી વિનોદભાઈ ચૌધરી,<br>૬. શ્રી ફતેહસિંહ રાણા,<br>૭. શ્રી જેઠાલાલ ગાંધી, અને<br>૮. શ્રી રામુભાઈ જાદવ. | ૮મી એપ્રિલ, ૧૯૭૨. |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૯. | ગ્રંથાલય સમિતિ. | ૧. શ્રી રાઘવજી લેઉઆ, અધ્યક્ષ, પ્રમુખ,<br>૨. શ્રી ઘનશ્યામ પંડિત,<br>૩. શ્રી હસમુખ વોરા,<br>૪. શ્રી રુદ્રદત્તસિંહ વાઘેલા,<br>૫. શ્રી ગોવિંદભાઈ બાપુભાઈ પટેલ,<br>૬. શ્રી રામજીભાઈ હીરાભાઈ,<br>૭. શ્રી મહાસુખરાય ભટ્ટ,<br>૮. શ્રીમતી પાર્વતીબેન રાણા,<br>૯. શ્રી શાંતિલાલ ધાણધારા,<br>૧૦. શ્રી શંકરભાઈ પટેલ, અને<br>૧૧. શ્રી મોતીભાઈ ચૌધરી. | ૮મી એપ્રિલ, ૧૯૭૨. |
| ૧૦. | સભ્યોનાં ભથ્થાં બાબતના નિયમો માટેની સમિતિ. | ૧. શ્રી નાથાલાલ પટેલ, પ્રમુખ,<br>૨. શ્રી વિશનદાસ મોતીઆણી,<br>૩. શ્રી અરજણ નંદાણીઆ,<br>૪. શ્રી અર્જુનસિંહ રાઠોડ,<br>૫. શ્રી નૌશીર દસ્તુર,<br>૬. શ્રી ગુલાબસિંહજી વાઘેલા,<br>૭. શ્રી વીરજીભાઈ મુનિયા,<br>૮. શ્રી દાદૃભાઈ વાઘેલા,<br>૯. શ્રી જગન્નાથ વ્યાસ, અને<br>૧૦. શ્રી કાન્તિભાઈ પટેલ. | ૮મી એપ્રિલ, ૧૯૭૨. |

## પત્રક ક્રમાંક—૧૪

## જુદી જુદી સંસ્થાઓ પર સભ્યોની ચૂંટણી.

| અનુ-ક્રમાંક | સંસ્થાનું નામ | સભ્યોના નામ | ચૂંટણીના પરિણામની જાહેરાતની તારીખ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| | ગુજરાત રાજ્ય પંચાયત પરિષદ | ૧. શ્રી માણેકલાલ ગાંધી<br>૨. શ્રી અમરસિંહજી વાઘેલા, અને<br>૩. શ્રી કરમશીભાઈ મકવાણા | ૪થી એપ્રિલ, ૧૯૭૨. |

## પત્રક ક્રમાંક—૧૫

## જુદી જુદી યુનિવર્સિટીઓની સેનેટ પર સભ્યોની ચૂંટણી.

| અનુ-ક્રમાંક | યુનિવર્સિટીનું નામ | સભ્યોના નામ | ચૂંટણીના પરિણામની તારીખ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | ગુજરાત યુનિવર્સિટી | ૧. શ્રી મોતીભાઈ ચૌધરી,<br>૨. શ્રીમતી ભદ્રાબેન પંડ્યા,<br>૩. શ્રી નાથાભાઈ દેસાઈ,<br>૪. શ્રી અજીતસિંહ ડાભી અને<br>૫. શ્રી મગનભાઈ બારોટ. | ૪થી એપ્રિલ, ૧૯૭૨. |
| ૨. | સરદાર પટેલ યુનિવર્સિટી | ૧. શ્રી ગોવિંદભાઈ જે. પટેલ, અને<br>૨. શ્રી માધવસિંહ સોલંકી. | ૪થી એપ્રિલ, ૧૯૭૨. |
| ૩. | મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા. | ૧. શ્રી મણિભાઈ શાહ. | ૪થી એપ્રિલ, ૧૯૭૨. |

## પત્રક ક્રમાંક—૧૬

## વિભાજન અને સભાત્યાગ

| ક્રમાંક | તારીખ | જે પ્રસ્તાવ પર વિભાજન માંગવામાં આવ્યું હોય તે પ્રસ્તાવનો વિષય | જે પ્રસ્તાવ પર વિભાજન માંગવામાં આવ્યું હોય તે પ્રસ્તાવ રજૂ કરનાર સભ્યનું નામ | વિભાજનની માગણી કરનાર સભ્યનું નામ | પ્રસ્તાવની તરફેણમાં મતની સંખ્યા | પ્રસ્તાવની વિરુધ્ધમાં મતની સંખ્યા | પરિણામ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | ૩--૪--૭૨ | સમાજના નબળા વર્ગોના ઉત્કર્ષ માટે તેમજ તેમને નોકરીની તકો ઊભી થાય તે અંગે ખાસ નાણાની જોગવાઈની ભલામણ કરતો સંકલ્પ. | વિ. સ. સ. શ્રી ભાવસિંહજી રાણા | વિ. સ. સ., શ્રી માણેકલાલ ગાંધી | ૧૯ | ૮૬ | વિ. સ. સ., શ્રી ભાવસિંહજી ઝાલાનો સંકલ્પ નામંજૂર થયો. |

### સભાત્યાગ

તારીખ ૨૯મી માર્ચ, ૧૯૭૨ના રોજ શિક્ષણ વિભાગની પૂરક માગણીઓ ક્રમાંક ૩૫ અને ૩૮ પરની ચર્ચા દરમિયાન વિ.સ.સ., શ્રી રતનભાઈ ગાવિતે ચર્ચામાં ભાગ લેવા દેવા માટે વારંવાર આગ્રહ રાખ્યો, ત્યારે અધ્યક્ષશ્રીએ સભ્યશ્રીને જણાવ્યું કે જો સભ્યશ્રી બેસી નહીં જાય તો તેમને બહાર કાઢવા પડશે. ત્યારપછી થોડીવાર બાદ વિ.સ.સ., શ્રી રતનભાઈ ગાવિતે અધ્યક્ષશ્રીને જણાવ્યું કે અધ્યક્ષશ્રી તેમને બહાર કાઢે તે પહેલાં તેઓ જ સભાત્યાગ કરવા માગે છે અને સભ્યશ્રીએ સભાત્યાગ કર્યો.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.